અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 DECEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 163 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

પાકિસ્તાનમાં ધુરંધર ફિલ્મ સામે આક્રોશ : ભુટ્ટોની પાર્ટીને આતંકવાદ સમર્થક શાવવાનો આરોપ

4

માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે.

6

'લોકો શું કહેશે' એ વિચારના ચક્કરમાં ફસાયેલી રહી

7

અદાણી-ગ્રીન-એનર્જી કેસમાં પ્રણવ અદાણીને ક્લીન ચિટ:સેબીને પુરાવા ન મળ્યા

## પાકિસ્તાની એજન્ટને સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી, અરુણાચલમાંથી પણ બેની ધરપકડ

# આસામમાં વાયુસેનાનો પૂર્વ અધિકારી જાસૂસીના આરોપમાં ઝડપાયો

**નવી દિલ્હી, તા.13**

આસામના સોનિતપુર જિલ્લામાંથી પોલીસે નિવૃત્ત વાયુસેના અધિકારીની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ કુલેન્દ્ર શર્મા તરીકે થઈ છે. કુલેન્દ્રપર પાકિસ્તાની ગુપ્તચર એજન્ટો સાથે સંબંધ હોવાનો આરોપ છે. પોલીસે ગુપ્ત માહિતીના આધારે ધરપકડ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી કુલેન્દ્ર સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની એજન્સી સાથે સંકળાયેલા વ્યક્તિઓના સંપર્કમાં હતો અને તેમને સેના સંબંધિત સંવેદનશીલ માહિતી આપી રહ્યો હતો. તેના મોબાઈલ અને લેપટોપમાંથી શંકાસ્પદ સામગ્રી મળી છે, જોકે કેટલાક ડેટા ડિલીટ થયા હોવાની શંકા છે. સોનિતપુરના ડીએસપી હરિચરણ ભૂમિજે જણાવ્યું કે કુલેન્દ્રના પાકિસ્તાન સાથેના સંબંધો અંગેની શંકા ઘણી મજબૂત છે. નિવૃત્ત થતા પહેલા, કુલેન્દ્ર તેજપુર વાયુસેના સ્ટેશનમાં જુનિયર વોરંટ ઓફિસર હતો, જ્યાં સુખોઈ 30 સ્ક્વોડ્રન સહિતના મુખ્ય હવાઈ સંસાધનો હાજર છે. તે 2002માં નિવૃત્ત થયો. ત્યારબાદ તેણે થોડા સમય માટે તેજપુર યુનિવર્સિટીમાં કામ કર્યું. પોલીસના જણાવ્યા અનુસાર, ઈટાનગર પોલીસ સ્ટેશનને ઈનપુટ મળ્યા બાદ એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી.



### અરુણાચલમાં બે શંકાસ્પદની ધરપકડ

1. અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરમાં પોલીસે શુક્રવારે જાસૂસીના આરોપમાં બે લોકોની ધરપકડ કરી. આ ધરપકડો પશ્ચિમ સિયાંગ જિલ્લાના આલો અને ચાંગલાંગ જિલ્લાના મિયાઓમાંથી કરવામાં આવી હતી. તેમાંથી એકની ઓળખ હિલાલ અહેમદ (26) તરીકે થઈ છે, જે જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાનો છે. પોલીસે બીજાનું નામ જણાવ્યું નથી.

**NEWS BRIEF**

## ઈન્ડિગોની મોનોપોલીની તપાસ થશે

### એવિએશન સેક્ટરમાં લગભગ 65% હિસ્સેદારી, રોજ 2,200 ફ્લાઈટ્સ ઉડે છે

એવિએશન સેક્ટરમાં ઈન્ડિગો એરલાઈનની મોનોપોલી (એકતરફી વર્ચસ્વ) હવે તપાસના દાયરામાં આવી ગઈ છે. દેશમાં નિષ્પક્ષ કારોબાર પર નજર રાખતી સંસ્થા કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) તપાસ કરી રહી છે કે શું દેશની સૌથી મોટી એરલાઈને સ્પર્ધાના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. ઈન્ડિગો સંકટ કોમ્પિટિશન એક્ટની કલમ 4નો ખુલ્લો ભંગ માનવામાં આવી રહ્યો છે. આ મુજબ કોઈ કંપની પોતાની ધાકના બળ પર મનસ્વી કિંમત વસૂલી શકતી નથી અને સેવાઓને મનસ્વી રીતે સંચાલિત કરીને ગ્રાહકોને બ્લેકમેલ કરી શકતી નથી. કોમ્પિટિશન કમિશન આંતરિક રીતે ઈન્ડિગોની મોનોપોલીવાળી સ્થિતિ, ખાસ રૂટ્સ પર વર્ચસ્વ અને ખોટા ઉપયોગ જેવા અનેક પાસાઓની તપાસ કરી રહ્યું છે. ભાડું વધારવાનો મામલો જો સાબિત થાય તો આયોગ તપાસનો આદેશ આપશે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા એવિએશન નિયમોમાં ફેરફારને કારણે ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ઈન્ડિગોમાં ક્રૂ મેમ્બર્સની ભારે અછત સર્જાઈ હતી. આને કારણે 1 થી 10 ડિસેમ્બરની વચ્ચે ઈન્ડિગોની 5000 થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ હતી. ઈન્ડિગોએ મામલાની આંતરિક તપાસ સંપૂર્ણપણે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોને સોંપવાનો નિર્ણય કર્યો છે.

## બંગાળ SIR- મતદાર યાદીમાંથી 58 લાખથી વધુ નામ હટાવાયા, :મમતાની ભવાનીપુર બેઠકમાં 44 હજાર નામ ડિલીટ

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના પ્રથમ તબક્કા પછી 58 લાખથી વધુ નામો દૂર કર્યા છે. સૌથી વધુ નામો કોલકાતાના ચૌરંગી અને કોલકાતા પોર્ટ જેવા વિસ્તારોમાં કાપવામાં આવ્યા છે, જ્યારે શુવેન્દુ અધિકારીની નંદીગ્રામ બેઠકની સરખામણીમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની ભવાનીપુર બેઠક પર ચાર ગણા વધુ નામો દૂર કરવામાં આવ્યા છે. ભવાનીપુર બેઠક પર જાન્યુઆરી 2025ની યાદીમાં 1,61,509 મતદારો હતા. તેમાંથી 44,787 નામો દૂર કરવામાં આવ્યા. જ્યારે પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામ, જ્યાં 2,78,212 મતદારો હતા, ત્યાંથી 10,599 નામો દૂર કરવામાં આવ્યા. જિલ્લાવાર આંકડાઓમાં સાઉથ 24 પરગણા સૌથી ઉપર રહ્યું, જ્યાં 8,16,047 નામો દૂર કરવામાં આવ્યા. આ વિસ્તાર TMC સાંસદ અભિષેક બેનર્જીનો ગઢ માનવામાં આવે છે. તેમણે ડાયમંડ હાર્બર બેઠક પરથી છેલ્લી લોકસભા ચૂંટણીમાં સાત લાખથી વધુ મતોના અંતરથી જીત નોંધાવી હતી. ચૂંટણી પંચ 16 ડિસેમ્બરે બંગાળમાં નવી મતદાર યાદીનો ડ્રાફ્ટ જાહેર કરશે. SIRના ફેઝ-1માં દૂર કરાયેલા નામોના કારણો મતદારનું મૃત્યુ, બીજી જગ્યાએ સ્થળાંતર અને ડુપ્લિકેટ એન્ટ્રી છે. બંગાળમાં 2026માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. રાજ્યના 294 વિધાનસભા વિસ્તારોમાંથી સૌથી વધુ ઉત્તર કોલકાતાના ચૌરંગી વિધાનસભા ક્ષેત્રમાંથી 74,553 નામ હટાવવામાં આવ્યા. અહીંથી તૃણમૂલના ધારાસભ્ય નયના બંદ્યોપાધ્યાય છે. કોલકાતા પોર્ટ પરથી કુલ 63,730 નામ હટાવવામાં આવ્યા. તેનું પ્રતિનિધિત્વ વરિષ્ઠ મંત્રી ફિરહાદ હકીમ કરે છે. જ્યારે મંત્રી અરુપ બિસ્વાસના ટોલીગંજમાંથી 35,309 નામ હટાવવામાં આવ્યા. સૌથી ઓછા નામ બાંકુરા જિલ્લાના કોતુલપુરથી હટાવવામાં આવ્યા, જ્યાં 5,678 નામ હટાવવામાં આવ્યા. અધિકારીએ જણાવ્યું કે BJPના મુખ્ય ધારાસભ્યોના વિસ્તારોમાં નંદીગ્રામ કરતાં વધુ નામ કાપવામાં આવ્યા છે. આસનસોલ સાઉથ, જ્યાંથી અગ્નિમિત્રા પોલ ધારાસભ્ય છે, ત્યાંથી 39,202 નામ હટાવવામાં આવ્યા. જ્યારે શંકર ઘોષના વિધાનસભા ક્ષેત્ર સિલીગુડીમાંથી 31,181 નામ હટાવવામાં આવ્યા.

## હૈદરાબાદમાં મેસ્સી, મ્યુઝિકલ-નાઈટ શરૂ, થોડીવારમાં ફ્રેન્ડલી મેચ

### ફૂટબોલર કોલકાતા સ્ટેડિયમમાંથી વહેલો નીકળી જતા ફેન્સે તોડફોડ કરી

**હૈદરાબાદ, તા.13**

દિગ્ગજ ફૂટબોલર આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી 3 દિવસના ઈન્ડિયા ટૂર પર છે. હૈદરાબાદમાં તેમની ઈવેન્ટ શરૂ થઈ ગઈ છે. ઉપ્પલ સ્ટેડિયમમાં મ્યુઝિકલ નાઈટ ચાલી રહી છે. તેના પછી મેસ્સી અહીં 7-7 પ્લેયર્સની ફ્રેન્ડલી મેચ રમશે. આ પહેલાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ તાજ ફલકનુમા પેલેસમાં મેસ્સી સાથે મુલાકાત કરી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ માફી માગી, આના પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને માફી



માગવી પડી. ADG લો એન્ડ ઓર્ડર જાવેદ શમીમે કહ્યું કે મુખ્ય આયોજક સતાદ્રૂ દત્તાની ધરપકડ કરી લેવામાં આવી છે. આયોજકોએ વચન આપ્યું છે કે તેઓ ટિકિટના પૈસા પાછા આપી દેશે. ભારતીય ફૂટબોલ મહાસંઘે કહ્યું છે કે આ તેમની ઈવેન્ટ નથી. મેસ્સી સંયુક્ત રાષ્ટ્રના ચાઈલ્ડ ઓર્ગેનાઈઝેશન UNICEFનો બ્રાન્ડ એમ્બેસેડર છે, જેના હેઠળ તે ભારતમાં 'GOAT ઈન્ડિયા' ટૂર કરી રહ્યો છે. મેસ્સી 15 ડિસેમ્બર સુધી 3 દિવસમાં 4 શહેરોનો પ્રવાસ કરશે. આમાં હૈદરાબાદ, મુંબઈ અને નવી દિલ્હી પણ સામેલ છે. તેઓ મુંબઈમાં સચિન તેંડુલકરને પણ મળશે. 15 ડિસેમ્બરના રોજ PM નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની સાથે જ તેમનો પ્રવાસ સમાપ્ત થશે. મેસ્સીની સાથે ઉરુગ્વેના સ્ટ્રાઈકર લુઈસ સુઆરેઝ અને આર્જેન્ટિનાના મિડફિલ્ડર રોડ્રિગો ડી પોલ પણ આવ્યા.

## મનરેગાનું નવું નામ હશે પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર યોજના

### મોદી કેબિનેટે બિલને મંજૂરી આપી; દિવસોની સંખ્યા પણ વધીને 125 થશે

**અમદાવાદ, તા.13**

મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટનું નામ હવે પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર યોજના હશે. શુક્રવારે કેન્દ્રીય કેબિનેટે એક્ટનું નામ બદલવા અને કામના દિવસોની સંખ્યા વધારવાવાળા બિલને મંજૂરી આપી દીધી. ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોના હવાલેથી જણાવ્યું કે કામના દિવસોની સંખ્યા 100થી વધારીને 125 દિવસ કરી દેવામાં આવશે. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી સ્કીમને MGNREGA (મનરેગા) અથવા NREGA (નરેગા)ના નામથી ઓળખવામાં આવે છે. આ સરકારની એક ખાસ સ્કીમ છે જેનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં પરિવારોની રોજી-રોટીની સુરક્ષા વધારવાનો છે. આ અંતર્ગત દરેક એવા પરિવારને એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની ગેરંટીવાળી મજૂરીવાળું કામ



આપવામાં આવે છે, જેના પુખ્ત સભ્યો કૌશલ્ય વગરનું કામ કરવા માટે પોતાની મરજીથી તૈયાર હોય છે. તેને 2005માં લાગુ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા MGNREGAનું નામ બદલીને પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર યોજના કરવાની ખબરો પર શિવસેના (UBT)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું- હતાશાને કારણે આવા નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

## રાજસ્થાન-MPના 37 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી ઓછું, યુપીમાં ગાઢ ધુમ્મસ, રસ્તાઓ પર 10 મીટર જોવું પણ મુશ્કેલ

**રાજસ્થાન, તા.13**

'રાજસ્થાનમાં ઠંડી વચ્ચે પશ્ચિમી વિક્ષોભ સક્રિય થયો છે. બીકાનેર, ચુરુ, શ્રીગંગાનગર, હનુમાનગઢ સહિતના ઘણા વિસ્તારોમાં વાદળો છવાયા છે. જેના કારણે ઠંડી હવાઓ નબળી પડી છે. રાજ્યના 18 શહેરોમાં શુક્રવારે તાપમાન 10 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. માઉન્ટ આબુમાં પારો 3 ડિગ્રીએ પહોંચી ગયો. મધ્યપ્રદેશમાં કડકડતી ઠંડી પડી રહી છે. રાજ્યના 19 શહેરોમાં ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. ઈન્દોરમાં 5.2 ડિગ્રી તાપમાન રહ્યું. આટલું જ તાપમાન પ્રદેશના એકમાત્ર હિલ સ્ટેશન અને સૌથી ઠંડી જગ્યા ગણાતા પચમઢીમાં પણ નોંધાયું હતું. યુપી અને બિહારમાં ગાઢ ધુમ્મસની અસર વધી રહી છે. યુપીના લખનઉ, ગોરખપુર સહિત 30 જિલ્લાઓમાં રસ્તાઓ પર 10 મીટર દૂર કંઈ પણ દેખાતું નથી. શનિવારે સવારે



સુલતાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર ધુમ્મસના કારણે અનેક વાહનો એકબીજા સાથે અથડાયા. જેના કારણે એક મહિલા ઘાયલ થઈ. પહાડી રાજ્યોમાં હિમવર્ષાની આશંકા છે. હવામાન વિભાગ અનુસાર, ઉત્તરાખંડના ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢમાં રવિવારે વરસાદ સાથે હળવી હિમવર્ષા થઈ શકે છે.

**આલંદ મતદાર યાદી ગડબડી કેસ**

## 22000 પાનાની ચાર્જશીટ દાખલ : કર્ણાટકના પૂર્વ BJP ધારાસભ્ય પર કોલ સેન્ટર બનાવીને વોટ ડિલીટ કરવાનો આરોપ



**કર્ણાટક, તા.13**

SITએ આલંદ બેઠક પર મતદાર યાદીમાં ગડબડના કેસમાં એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ (ACMM) કોર્ટમાં શનિવારે 22 હજાર પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. તપાસમાં પૂર્વ BJP ધારાસભ્ય સુભાષ ગુટ્ટેદાર અને તેમના પુત્ર હર્ષાનંદને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા છે. તેમના પર મતદાર યાદીમાંથી માન્ય મતદારોને ડિલીટ કરવાનો આરોપ છે. ચાર્જશીટમાં સુભાષ ગુટ્ટેદારના પર્સનલ સેક્રેટરી ટિપ્પરુદ્ર, કલબુર્ગીના ત્રણ ડેટા સેન્ટર ઓપરેટર - અકરમ પાશા, મુકરમ પાશા અને મોહમ્મદ અશફાક અને પશ્ચિમ બંગાળના બાપી આદ્યા પર પણ આ કેસમાં સામેલ હોવાનો આરોપ છે. SITના રિપોર્ટ અનુસાર, 2023ની વિધાનસભા ચૂંટણી પહેલા 5,994 મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવવાનો પ્રયાસ થયો. આ માટે કલબુર્ગીમાં એક કોલ સેન્ટર નેટવર્ક બનાવવામાં આવ્યું, જ્યાંથી નકલી ડિલીશન એપ્લિકેશન દાખલ કરવામાં આવી. આ જ વર્ષે 18 સપ્ટેમ્બરે રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરીને 2023 કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન આલંદ વિધાનસભા ક્ષેત્રમાં મત ચોરીના આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ જાણી જોઈને કોંગ્રેસના મતોને નિશાન બનાવી રહ્યું છે અને તેમના નામ ડિલીટ કરી રહ્યું છે. 18 સપ્ટેમ્બર: રાહુલ ગાંધીએ કહ્યું- કર્ણાટકના આલંદમાં મતદારોને ડિલીટ કરવાનો પ્રયાસ થયો, રાહુલે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં કર્ણાટકના આલંદ વિધાનસભા ક્ષેત્રનું ઉદાહરણ આપ્યું હતું.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યૂઝ ટ્રેક

## પત્નીએ ગળું કાપતા રોક્યા તો દોડીને ટેરેસ પરથી કૂદી ગયાં:ચપ્પુ ઝૂંટવવામાં પત્નીને હાથમાં ઘા વાગ્યો

**સુરત, તા.13**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં બેરોજગારી અને લાંબી બીમારીથી કંટાળી ગયેલા રત્નકલાકાર ઘનશ્યામભાઈએ આજે (13 ડિસેમ્બર) વહેલી સવારે પોતાના એપાર્ટમેન્ટના ચોથા માળના ટેરેસ પરથી પડતું મૂકીને જીવન ટૂંકાવ્યું હતું. મોતની છલાંગ લગાવતા પહેલાં ઘનશ્યામભાઈએ ચપ્પુથી પોતાનું ગળું કાપવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં પત્નીની નજર પડી ગઈ હતી. પત્ની ઘનશ્યામભાઈના હાથમાંથી ચપ્પું ઝૂંટવવા જતાં તેમને હાથમાં ઈજા પહોંચી હતી. જે બાદ ઘનશ્યામભાઈ દોડીને ટેરેસ પર ગયાં હતા અને ત્યાંથી કૂદી મોતને વહાલું કર્યું હતું. આ કરુણ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. નોંધનીય છે કે, ભાવનગરમાં પણ બે દિવસ પહેલાં હીરા મંદીના કારણે આર્થિક સંકડામણનો સામનો કરી રહેલા જૈન યુવાને હાથની નસ કાપ્યાં બાદ અગાશી પરથી ઝંપલાવ્યું હતું. કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, મૂળ જામનગર અને સુરતના કાપોદ્રા વિસ્તારમાં હીરાબાગ નજીક આવેલા કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે 58 વર્ષીય ઘનશ્યામભાઈ રામોલિયા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્ની, એક દીકરો અને એક દીકરી છે. ઘનશ્યામભાઈ વર્ષોથી રત્નકલાકાર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દીકરો ટેક્સટાઈલમાં એકાઉન્ટનું કામ કરીને પરિવારને આર્થિક રૂપે મદદરૂપ થાય છે. ઘનશ્યામભાઈને છેલ્લા 20 વર્ષથી આંતરડાની બીમારી હતી. જોકે, છેલ્લા ત્રણ મહિનાથી આ બીમારીમાં વધારો થયો હતો અને તે જે જમતા હતા તે પણ પાચન થતું ન હતું, જેથી તેઓ આ બીમારીથી કંટાળી ગયા હતા. ઘનશ્યામભાઈ છેલ્લા ત્રણ મહિનાથી પથારીવશ હતા અને બીમારીના કારણે માનસિક તણાવમાં આવી ગયા હતા. આજે સવારે દીકરો નોકરી પર ગયો હતો અને ઘરે ઘનશ્યામભાઈ, તેમની પત્ની અને દીકરી જ ઘરે હાજર હતા. આ દરમિયાન બીમારીથી કંટાળીને તેમણે ચપ્પુથી પોતાનું ગળું કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે પતિને પોતાનું ગળું કાપતા જોઈને પત્નીએ તેમના હાથમાંથી ચપ્પુ ઝૂંટવી લીધું હતું. જોકે આ ખેંચતાણમાં ઘનશ્યામભાઈના પત્નીના હાથ પર પણ ચપ્પુનો એક ઘા લાગી ગયો હતો. બાદમાં ઘનશ્યામભાઈ પોતાના ઘરેથી દોડીને ટેરેસ પર ગયા હતા અને ત્યાંથી મોતની છલાંગ લગાવી દીધી હતી.

## નેતા-અધિકારીઓ સામે CMની ભ્રષ્ટાચાર પર 'ગુગલી':સુરત મહાનગરપાલિકાના કાર્યક્રમમાં કહ્યું- 'આપણે એકલો ટેક્સ જ લેવાનો



**સુરત, તા.13**

ડાયમંડ સિટી સુરત આજે ફરી એકવાર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મુલાકાત દરમિયાન કરોડો રૂપિયાના વિકાસકામોની ભેટ સાથે વિકાસના નવા સોપાનનું સાક્ષી બન્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે સુરત મહાનગરપાલિકા અને સુડાના અંદાજે 600 કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમૂર્ત પ્રસંગે હાજર રહ્યા હતા. આ તકે તેમણે પોતાની 'મૃદુ અને મક્કમ' શૈલીમાં ભ્રષ્ટાચાર પર આડકતરી મજાક કરતા કહ્યું હતું કે, 'કોર્પોરેશનને ખૂબ ખૂબ અભિનંદન... એટલો જ ટેક્સ લેવાનો કે જે કોર્પોરેશનનો હોય.. આપણે ટેક્સ સિવાય બીજું કંઈ નહીં પાછું..!' આ ઉપરાંત તેમણે સુરત APMC ખાતે ગુજરાતની પ્રથમ અને એશિયાના મોટા પ્રોજેક્ટ્સમાં સ્થાન પામતી અત્યાધુનિક એલિવેટેડ માર્કેટનું લોકાર્પણ કર્યું હતું, જેમાં 100 ફૂટ પહોળો રેમ્પ ટ્રકને સીધા પહેલા માળે લઈ જશે, જે ખેડૂતો અને વેપારીઓ માટે માલસામાનનું પરિવહન ઝડપી બનાવશે. અંતે, તેઓ 'ઓલ ઈન્ડિયા મેયર્સ કાઉન્સિલ'ની બેઠકમાં પણ હાજર રહ્યા હતા, જ્યાં તેમણે સુરતને 'મિની ઈન્ડિયા' ગણાવી શહેરી વિકાસમાં જનભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો. સુરત મહાનગરપાલિકા અને સુડાના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમૂર્ત પ્રસંગે મુખ્યમંત્રીએ સંબોધનની શરૂઆત જ અત્યંત હળવાશથી કરી હતી. તેમણે મંચ પરથી શ્રોતાઓને પૂછ્યું, "કેમ બધા શાંત થઈ ગયા? હવે લોકોને લાગે છે કે આ નાનું ગામ છે? 600 કરોડ રૂપિયા હવે નાના થઈ ગયા છે?" તેમણે ભૂતકાળને યાદ કરતા રમૂજમાં ઉમેર્યું કે, એક સમય એવો હતો જ્યારે એક લાખનું કામ લઈને જવું કે નહીં તે વિચારવું પડતું હતું, પરંતુ આજે વિકાસનો સ્તર એટલો ઊંચો ગયો છે કે એક કરોડનું કામ સામાન્ય વ્યક્તિ પોતાની સોસાયટીના માધ્યમથી કોર્પોરેટર પાસે જઈને આરામથી કરાવી શકે છે. મુખ્યમંત્રીએ સુરતીઓને વિકાસની આ ભવ્યતાને સ્વીકારવા માટે ટકોર કરી હતી.

### ભાજપ નેતા સામે ભાજપ નેતાની જ મનરેગામાં કરોડોના કૌભાંડની અરજી

# મહેસાણા જિલ્લા પંચાયત સદસ્યએ ખોટા જોબકાર્ડ બનાવ્યાં

■ **'એક જ ગામને 68.49 લાખના પેવર બ્લોકના કામો આપી**

**મહેસાણા, તા.13**

મહેસાણા જિલ્લા પંચાયતની 32-રાંતેજ બેઠકના ભાજપના સદસ્ય વીરેન્દ્રસિંહ કીર્તિસિંહ ઝાલાએ મનરેગા અને વિકાસના કામોમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો આક્ષેપ ખુદ ભાજપના નેતા દ્વારા કરવામાં આવ્યો છે. રૂપપુરા ગામના અને ભાજપના બેચરાજી તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ પ્રહલાદસિંહ વદનસિંહ ઝાલાએ DDOને અરજી કરી છે. આ અરજીમાં પ્રહલાદસિંહ ઝાલાએ સદસ્ય વીરેન્દ્રસિંહ ઝાલાને તાત્કાલિક સભ્યપદેથી દૂર કરી કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી છે. અરજદાર પ્રહલાદસિંહ વદનસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, જિલ્લા સદસ્ય વીરેન્દ્રસિંહ ઝાલા અને તેમનાં પત્ની પૂર્વ સરપંચ દ્વારા 2015થી 2025 દરમિયાન મનરેગા યોજના, વોટરશેડ યોજના અને અન્ય વિકાસ કાર્યોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. મુખ્ય આક્ષેપ એ છે કે, ઝાલા પરિવારે એક જ પરિવારના 6થી 7 સભ્યોના નામે અલગ-અલગ જોબકાર્ડ બનાવીને નાણાં ખાતામાં જમા કરાવ્યા છે. 2018-19માં કરણસાગર ગામે તળાવ ઊંડું કરવાના (વર્ક કોડ-87763) અને માટીકામના (વર્ક કોડ-47338) કામોમાં લાખો રૂપિયાના બીલ પરિવારના જોબકાર્ડના આધારે પાસ કરાવ્યા હોવા છતાં સ્થળ પર કામ થયું નથી. કરણસાગર ગામમાં રસ્તાનું માટીકામ ગામના લોકોએ પૈસા ઉઘરાવીને કરાવ્યું હોવા છતાં તેના નાણાં સરકારી ગ્રાન્ટમાંથી ગેરરીતિ દ્વારા મેળવ્યાનો આક્ષેપ છે. અરજીમાં સૌથી મોટો મુદ્દો 2021-22માં કરણસાગર ગામમાં થયેલા વિકાસ કાર્યોનો છે. આ સમયગાળામાં એક જ ગામ કરણસાગરને મનરેગા અંતર્ગત એકીસાથે કુલ 11 પેવરબ્લોકના કામો ફાળવવામાં આવ્યા, જેની કુલ રકમ રૂ. 68.49 લાખ થાય છે.



### 'ગામ લોકોના પૈસા થયેલું કામ બતાવી ગ્રાન્ટ મેળવી લીધી'

2018-19માં કરણસાગર ગામે તળાવ ઊંડું કરવાના (વર્ક કોડ-87763) અને માટીકામના (વર્ક કોડ-47338) કામોમાં લાખો રૂપિયાના બીલ પરિવારના જોબકાર્ડના આધારે પાસ કરાવ્યા હોવા છતાં સ્થળ પર કામ થયું નથી. કરણસાગર ગામમાં રસ્તાનું માટીકામ ગામના લોકોએ પૈસા ઉઘરાવીને કરાવ્યું હોવા છતાં તેના નાણાં સરકારી ગ્રાન્ટમાંથી ગેરરીતિ દ્વારા મેળવ્યાનો આક્ષેપ છે.

### પરિવારના નામે જોબકાર્ડ બનાવી ગેરરીતિ આચર્યાનો આક્ષેપ

અરજદાર પ્રહલાદસિંહ વદનસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, જિલ્લા સદસ્ય વીરેન્દ્રસિંહ ઝાલા અને તેમનાં પત્ની પૂર્વ સરપંચ દ્વારા 2015થી 2025 દરમિયાન મનરેગા યોજના, વોટરશેડ યોજના અને અન્ય વિકાસ કાર્યોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. મુખ્ય આક્ષેપ એ છે કે, ઝાલા પરિવારે એક જ પરિવારના 6થી 7 સભ્યોના નામે અલગ-અલગ જોબકાર્ડ બનાવીને નાણાં ખાતામાં જમા કરાવ્યા છે.

## ભાજપમાં કલેશ, MLA-MP સામસામે

### ડૉ.દર્શના દેશમુખે વસાવા પર માનહાનિનો દાવો કરવાની વાત કરતા મામલો ગરમાયો, સાંસદે કહ્યું- 'તમને ધારાસભ્ય જ મેં બનાવ્યા'

**ભરુચ, તા.13**

ભરુચના સાંસદ મનસુખ વસાવાની એક પ્રેસ કોન્ફરન્સને લઈને ભરુચ અને નર્મદા જિલ્લા ભાજપમાં સામસામે આક્ષેપને લઈને વાક્યુદ્ધ છેડાયું છે. ગતરોજ રાજપીપળાના ધારાસભ્ય ડૉ.દર્શના દેશમુખે સાંસદ મનસુખ વસાવા પર ગંભીર આક્ષેપો કર્યા હતા અને માનહાનિનો દાવો કરવાની વાત કરી હતી. જે બાદ આજે સાંસદ મનસુખ વસાવાએ ફરીથી પ્રેસ કોન્ફરન્સ કરીને દર્શના દેશમુખને જવાબ આપતા અંદરો અંદરનો વિવાદ બહાર આવ્યો છે. ગઈકાલે એક પ્રેસ કોન્ફરસન્સ યોજીને ડૉ. દર્શના દેશમુખે જણાવ્યું હતું કે,તા.7 ડિસેમ્બરે સાંસદ મનસુખ વસાવાએ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં નર્મદા જિલ્લાના રાજકીય નેતાઓ અને વહીવટી તંત્રમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ કર્યો હતો,પરંતુ કોઈ પણ ભ્રષ્ટ નેતાનું નામ જાહેર કરવામાં આવ્યું ન હતું. મનસુખ વસાવાએ આડકતરી રીતે આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે મારી સાંઠગાંઠ હોવાનો સંકેત આપ્યો હતો, જેથી મારી બદનામી થઇ છે. ડૉ.દર્શના દેશમુખે વધુમાં જણાવ્યું કે, સાંસદ મનસુખ વસાવા કહી રહ્યા છે કે મારી અને ચૈતર વસાવા સાથે સાંઠગાંઠ છે, પણ ચૈતર વસાવા સાથે સાંસદના ઘરેલું સંબંધ છે. મારે તો નાહવા-નિચોવાને કોઈ સંબંધ નથી. ભ્રષ્ટાચારની વાત છે તો મનસુખ વસાવા તે સાબિત કરે, નહીં તો હું તેમની સામે માનહાનીનો દાવો કરીશ. કોર્ટમાં જવાનું હશે, તો હું ચોક્કસ જઈશ. હું મનસુખ વસાવા સામે ધરણા પર બેસવાની હતી, પરંતુ પ્રદેશ ભાજપમાંથી સૂચના મળતા તેમણે આ કાર્યક્રમ રદ કર્યો હતો. ડૉ. દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, સાંસદ મનસુખ વસાવા મને ધારાસભ્ય તરીકે સ્વીકારતા જ નથી, હું ધારાસભ્ય બની ત્યારથી તેઓ મારા પર આક્ષેપ કરતા આવ્યા છે. હું પણ ભાજપની જ દીકરી છું.

### 'સાંસદ સાબિત કરે નહીં તો હું માનહાનિનો દાવો કરીશ'

ડૉ.દર્શના દેશમુખે વધુમાં જણાવ્યું કે, સાંસદ મનસુખ વસાવા કહી રહ્યા છે કે મારી અને ચૈતર વસાવા સાથે સાંઠગાંઠ છે, પણ ચૈતર વસાવા સાથે સાંસદના ઘરેલું સંબંધ છે. મારે તો નાહવા-નિચોવાને કોઈ સંબંધ નથી. ભ્રષ્ટાચારની વાત છે તો મનસુખ વસાવા તે સાબિત કરે, નહીં તો હું તેમની સામે માનહાનીનો દાવો કરીશ. કોર્ટમાં જવાનું હશે, તો હું ચોક્કસ જઈશ. હું મનસુખ વસાવા સામે ધરણા પર બેસવાની હતી, પરંતુ પ્રદેશ ભાજપમાંથી સૂચના મળતા તેમણે આ કાર્યક્રમ રદ કર્યો હતો.

## SOU વિસ્તારમાં સરકારી પ્લોટનો વિવાદ : 4 અધિકારીના પ્લોટ 'શ્રી સરકાર' કરવા આદેશ

**ગરુડેશ્વર, તા.13**

સ્ટેચ્યૂ ઓફ યુનિટી (SOU)ના નિર્માણ બાદ ગરુડેશ્વર તાલુકાની જમીનોના ભાવ આસમાને પહોંચતા સરકારી અધિકારીઓ પણ આ વિસ્તારમાં પ્લોટ મેળવવાથી બાકાત રહ્યા નહોતા. વર્ષ 2019માં, તે સમયે જિલ્લામાં ફરજ બજાવતા 13 અધિકારીએ રાજ્ય સરકાર પંચાયત સેવાના બદલીપાત્ર અધિકારી-કર્મચારીઓને રહેણાક હેતુસર રાહત દરે સરકારી પડતર જમીન ફાળવવાની જોગવાઈઓ હેઠળ 135 ચો.મી.ના રહેણાક પ્લોટની માંગણી કરી હતી. તત્કાલીન જિલ્લા કલેક્ટર, નર્મદા દ્વારા ગરુડેશ્વર ગામની સર્વે નંબર - ૩૯૫ (જુના સર્વે નં. 235/બ/1)માં નિયમો અને શરતોને આધિન આ જમીન ફાળવી આપવામાં આવી હતી. જમીન ફાળવણીના હુકમની શરત નંબર-2 મુજબ, અધિકારીઓને ફાળવણીના 6 માસની અંદર પ્લોટ પર બાંધકામ શરૂ કરીને 2 વર્ષમાં બાંધકામ પૂર્ણ કરી રહેણાક માટે ઉપયોગ કરવાનો હતો. આ બાબતે રજૂઆતો બાદ પ્રાંત અધિકારી, રાજપીપલા દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ અહેવાલ મુજબ, ફાળવવામાં આવેલા 13 પ્લોટમાંથી 4 અધિકારીના પ્લોટ પર નિયત સમયમર્યાદામાં બાંધકામ પૂર્ણ થયું ન હોવાનું જણાયું હતું. આથી, જિલ્લા કલેક્ટર સંજય મોદીએ ચારેય અધિકારીને સુનાવણી માટે નોટિસ આપી હતી. જે 4 અધિકારીની જમીન 'શ્રી સરકાર' કરવા આદેશ અપાયો: કે.ડી. ભગત - તત્કાલીન પ્રાંત અધિકારી, રાજપીપલા (હાલ - અધિક કલેક્ટર, છોટાઉદેપુર) - પ્લોટ નં. 3 ડી.એન. ચૌધરી - તત્કાલીન પ્રાંત અધિકારી, ડેડીયાપાડા (મરણ પામેલ છે) - પ્લોટ નં. 4 વી.વી. મછાર - તત્કાલીન મામલતદાર, ગરુડેશ્વર (હાલ નિવૃત) - પ્લોટ નં. 10

## પંચમહાલમાં ખાણ ખનીજ વિભાગના દરોડા, 7 ટ્રક ઝડપાઈ

**પંચમહાલ, તા.13**

પંચમહાલ જિલ્લામાં ખાણ ખનીજ વિભાગે પાંચ તાલુકાઓમાં દરોડા પાડી ગેરકાયદેસર રેતી ભરેલી સાત ટ્રકો ઝડપી પાડી છે. આ કાર્યવાહીમાં કુલ 3.05 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને 12 લોકોની અટકાયત કરાઈ છે. જિલ્લામાં ખનીજ ચોરી રોકવા માટે ખાણ ખનીજ વિભાગની ટીમો જાંબુઘોડા, ઘોઘંબા, મોરવા હડફ, કાલોલ અને શહેરા તાલુકામાં રૂટિન ચેકિંગ પર હતી. આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જાંબુઘોડા પંથક, ઘોઘંબાના ગોદલી, મોરવા હડફ, કાલોલના દેલોલ અને શહેરાના ધામણોદ ગામ ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, રોયલ્ટી પાસ વિના અથવા નિયમોનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે રેતીનું વહન કરતી સાત ટ્રકો ઝડપાઈ હતી. ખાણ ખનીજ વિભાગે સ્થળ પરથી આ સાત ટ્રકો સાથે ડ્રાઈવર અને ક્લીનર સહિત કુલ 12 ઈસમોની અટકાયત કરી હતી.

## ધર્માંતરણ-દુષ્કર્મ કેસમાં સરકારી સ્કૂલનો આચાર્ય પકડાયો

### આરોપી પાસ્ટરના ડોક્ટર પુત્ર આદિવાસી યુવતીને પ્રેમજાળમાં ફસાવી પરિવારને ધર્મ પરિવર્તન કરાવવા દબાણ કરતો

**સુરત, તા.13**

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ધર્માંતરણ અને દુષ્કર્મનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક સરકારી શાળાના આચાર્ય અને ખ્રિસ્તી પાસ્ટર રામજી ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. આ પિતા-પુત્ર પર આદિવાસી યુવતીને પ્રેમજાળમાં ફસાવી ધર્માંતરણ કરાવવા અને દુષ્કર્મ આચરવાનો ગંભીર આરોપ છે. પીડિતાએ આચાર્ય અને પાસ્ટરના ડૉક્ટર પુત્ર અંકિત ચૌધરીની ધરપકડ કરવાની માગ કરી છે. અંકિત વિરુદ્ધ ગત 6-જૂને દુષ્કર્મનો ગુનો દાખલ થયો હતો. જોકે, આરોપી ડોક્ટરે આગોતરા જામીન લઈ લીધાનું સામે આવ્યું છે. જ્યારે તેના પિતાની ધર્માંતરણના ગુના હેઠળ ધરપકડ કરાઈ છે. માંડવી તાલુકાની એક સુધી શારીરિક શોષણ કર્યા બાદ અંકિતે તેનું ધર્મ પરિવર્તન કરાવીને હિન્દુમાંથી ખ્રિસ્તી બનાવી દીધી હતી.



આદિવાસી યુવતીને ક્લિનિક ચલાવતા ડૉ. અંકિત રામજી ચૌધરીએ પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે બે વર્ષ વિશેષમાં, અંકિતે લગ્ન માટે યુવતીના આખા પરિવારને ધર્મ પરિવર્તન કરવાની ઘૃણાસ્પદ શરત મૂકી હતી.

## ઈન્ટરવ્યૂના બીજા દિવસે નોકરીએ જવા નીકળ્યાને મોત મળ્યું

■ **બે સગા ભાઈઓના મોતથી પરિવારના 9 સભ્યો નોંધારા, ત્રીજા યુવકની માતાને જૂનાગઢમાં મોતના સમચાર મળ્યા**

**પાટડી, તા.13**

પાટડીના નાવીયાણી ગામ પાસે ગઈકાલે વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટનામાં એરવાડાના બે સગાભાઈ સહિત ત્રણ યુવકોના મોત થયા હતા. મૃતક ત્રણેય યુવકોના બુધવારે જ ઈન્ટવ્યૂ થયા હતા અને બીજા દિવસે વહેલી સવારે નવા સપનાઓ સાથે નોકરીએ જવા નીકળ્યાને અધવચ્ચે જ કાળ ભરખી ગયો. આ અકસ્માતમાં બે સગાભાઈઓના મોતથી પરિવારના નવ સભ્યો નોંધારા થઈ ગયા છે. જ્યારે અન્ય યુવકવી માતા તો જૈન સાધ્વીને લઈને જૂનાગઢ ગયા હતા, ત્યાં પુત્રના મોતના સમાચાર મળતા પરત આવ્યા હતા. ગ્રામજનોએ જણાવ્યું કે, મૃતક ત્રણેય યુવકોના બુધવારે જ બેચરાજીની એક કંપનીમાં ઈન્ટરવ્યૂ થયા હતા. દૈનિક 400 રુપિયા લેખે વાત નક્કી થઈ અને કંપની તરફથી કહેવામાં આવ્યું હતું કે આવતીકાલથી જ નોકરીએ આવી જજો. નોકરીની વાત પાક્કી થઈ જતા ત્રણેય યુવકો હરખે હરખે ઘરે આવ્યા હતા અને નોકરી મળ્યાનો ખુશી એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. નોકરીથી પરિવારની આર્થિક સ્થિતિમાં સુધારો આવશે અને પરિવાર સુખેથી રોટલો ખાઇ શકશે એવી આશા અને નવા સપનાઓ સાથે બંને ભાઈ અને ત્રીજો યુવક વહેલી સવારે ઘરેથી એક જ બાઈક પર સવાર થઈને નોકરી પર જવા નીકળ્યા હતા. આ દરમિયાન નાવીયાણી પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ત્રણેય યુવકો મોતને ભેટતા પરિવાર માથે દુ:ખનો પહાડ તૂટી પડ્યો

## વડોદરામાં 2025ની રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન:30 હજાર કેસો મૂકવામાં આવ્યા

**વડોદરા, તા.13**

વડોદરાના દિવાળીપુરા ન્યાય મંદિર કોર્ટ સંકુલ ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ વડોદરા દ્વારા વર્ષ 2025ની અંતિમ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિવિધ પ્રકારના કેસોનું સમાધાન અને નિકાલ કરવામાં આવ્યો હતો. આ લોક અદાલતમાં સમાધાન લાયક લગભગ 30,000 જેટલા કેસો મૂકવામાં આવ્યા હતા. વકીલો તથા જ્યુડિશિયલ અધિકારીઓના સંયુક્ત પ્રયાસોથી પ્રી-લોક અદાલત સીટિંગમાં 3,000 જેટલા ચેક રિટર્ન કેસો તથા 100 જેટલા મોટર એક્સિડેન્ટ ક્લેમ કેસોનું સફળ સમાધાન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય લોક અદાલત દ્વારા બેંક અને નાણાકીય સંસ્થાઓના કેસો, વીજળી તથા પાણીના બિલના વિવાદો, મોટર વાહન અકસ્માતના કેસો, પારિવારિક વિવાદો, નાના ગુનાહિત કેસો, વિવાહ તથા છૂટાછેડાના મામલા તેમજ મિલકત વિવાદો જેવા કેસોમાં સુલેહ કરાવી ઝડપી ન્યાય પૂરો પાડવામાં આવ્યો હતો. આનાથી લોકોને ત્વરિત ન્યાય મળ્યો અને ન્યાયિક વ્યવસ્થા પરનો ભાર પણ ઘટ્યો છે.આ પ્રસંગે અધિકારીઓએ લોક અદાલતને વધુ સફળ બનાવવા માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને આવનારા સમયમાં પણ આવા કાર્યક્રમો દ્વારા ન્યાય વ્યવસ્થાને મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## સુરેન્દ્રનગરમાં એક જ દિવસમાં બે ગંભીર અકસ્માત, બેના મોત

**સુરેન્દ્રનગર, તા.13**

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે એક જ દિવસમાં અકસ્માતની બે અલગ-અલગ ઘટના સામે આવી છે. લખતર-વિરમગામ હાઈવે પર રોંગ સાઈડ આવતી ટ્રકે બાઈકને ફંગોળતા બે લોકોના મોત થયા છે. જ્યારે બીજો અકસ્માત ચોટીલા-રાજકોટ હાઈવે પર થયો છે. ચોટીલાના નાની મોલડી પાસે બે ટ્રક, બસ અને વેગેનાર કાર અથડાયા હતા. કારમાં ફસાયેલા ત્રણથી ચાર લોકોને જેસીબી મશીનની મદદથી બહાર કાઢવા પડ્યા હતા. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ નથી થઈ. અકસ્માતના પ્રથમ બનાવની વાત કરીએ તો સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ભાસ્કરપરા ગામનો 17 વર્ષીય મહેશ (માયાભાઈ) લોરીયા અને 30 વર્ષીય કિશનભાઈ રેથલીયા બાઈક પર સવાર થઈને સંબંધીને ત્યા લગ્ન પ્રસંગમાં જવા વિઠ્ઠલાપરાથી રામછાપરી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન મોડી રાત્રે હાઈવે પર રોંગ સાઈડમાંથી પૂરપાટ ઝડપે ધસી આવેલી એક આઈસર ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, ટ્રકના તોતિંગ ટાયર બાઈક સવાર યુવાનો પર ફરી વળ્યા હતા. જેના પરિણામે બંને યુવાનોને કોઈ પણ પ્રકારની તબીબી સારવાર મળે તે પહેલા જ ઘટનાસ્થળે તેમના કરુણ મોત નિપજ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ થતા જ આસપાસના વિસ્તારોમાંથી લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. જ્યારે અકસ્માત સર્જનાર આઈસર ટ્રક પણ પલટી ગઈ હતી. જોકે, તેનો કોઈ મદદ કર્યા વગર ટ્રક ઘટનાસ્થળે જ રેઢી મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ વિરમગામ રૂરલ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને યુવાનોના મૃતદેહોને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. પોસ્ટ મોર્ટમ બાદ મૃતદેહો પરિજનોને સોંપવામાં આવશે. હાલમાં વિરમગામ રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અકસ્માતના બીજા બનાવની વાત કરીએ તો ચોટીલા-રાજકોટ હાઈવે પર નાની મોલડી ગામ નજીક બે ટ્રક, બસ અને વેગનાર કાર એકબીજા સાથે અથડાયા હતા. આ અકસમાતમાં કારમાં ફસાયેલા ત્રણથી ચાર લોકોને જેસીબી મશીનની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. કારમાં સવાર સુરેન્દ્રનગરનો મોચી સમાજનો પરિવાર મોરબી મેરેજમાં જઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. નાની મોલડી નજીક અકસ્માતમાં મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

### લખતર-વિરમગામ હાઈવે પર ટ્રકે બાઈકને ફંગોળ્યું

અકસ્માતના પ્રથમ બનાવની વાત કરીએ તો સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ભાસ્કરપરા ગામનો 17 વર્ષીય મહેશ (માયાભાઈ) લોરીયા અને 30 વર્ષીય કિશનભાઈ રેથલીયા બાઈક પર સવાર થઈને સંબંધીને ત્યા લગ્ન પ્રસંગમાં જવા વિઠ્ઠલાપરાથી રામછાપરી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન મોડી રાત્રે હાઈવે પર રોંગ સાઈડમાંથી પૂરપાટ ઝડપે ધસી આવેલી એક આઈસર ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, ટ્રકના તોતિંગ ટાયર બાઈક સવાર યુવાનો પર ફરી વળ્યા હતા. જેના પરિણામે બંને યુવાનોને કોઈ પણ પ્રકારની તબીબી સારવાર મળે તે પહેલા જ ઘટનાસ્થળે તેમના કરુણ મોત નિપજ્યા હતા.

# પાકિસ્તાનમાં ધુરંધર ફિલ્મ સામે આક્રોશ : ભુટ્ટોની પાર્ટીને આતંકવાદ સમર્થક દર્શાવવાનો આરોપ

■ **અક્ષય ખન્ના સહિતના કલાકારો પર FIRની માગ**



**કરાચી, તા.13**

પાકિસ્તાનમાં કરાચીની એક અદાલતમાં ભારતીય ફિલ્મ 'ધુરંધર' વિરુદ્ધ એક અરજી દાખલ કરવામાં આવી છે. તેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ફિલ્મમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની તસવીરો, પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના ઝંડા અને પાર્ટી રેલીઓના ફૂટેજનો પરવાનગી વગર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે જ ફિલ્મ પર PPPને આતંકવાદનું સમર્થન કરનારી પાર્ટી તરીકે દર્શાવવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. આ અરજી PPPના કાર્યકર્તા મોહમ્મદ આમિરે કરાચીની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ (સાઉથ)માં દાખલ કરી છે. અરજીમાં માગ કરવામાં આવી છે કે ફિલ્મના નિર્દેશક, નિર્માતા, કલાકાર અને ફિલ્મના પ્રચાર તથા નિર્માણ સાથે સંકળાયેલા અન્ય લોકો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવે. અરજીમાં ફિલ્મના નિર્દેશક આદિત્ય ધર, નિર્માતા લોકેશ ધર અને જ્યોતિ કિશોર દેશપાંડેના નામ શામેલ છે. આ ઉપરાંત અભિનેતા રણવીર સિંહ, સંજય દત્ત, અક્ષય ખન્ના, અર્જુન રામપાલ, આર માધવન, સારા અર્જુન અને રાકેશ બેનીને પણ નામિત કરવામાં આવ્યા છે.

અરજદારના મતે ફિલ્મના સત્તાવાર ટ્રેલરમાં બેનઝીર ભુટ્ટોની તસવીરો અને PPP સંબંધિત દ્રશ્યો કોઈ કાનૂની પરવાનગી વિના દર્શાવવામાં આવ્યા છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ફિલ્મમાં PPP ને આતંકવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી પાર્ટી તરીકે રજૂ કરવામાં આવી છે. સાથે જ કરાચીના લિયારી વિસ્તારને 'આતંકવાદીઓનું યુદ્ધ ક્ષેત્ર' ગણાવવામાં આવ્યું છે, જે અરજદારના મતે બદનક્ષીભર્યું, ભ્રામક અને પાકિસ્તાનની છબીને નુકસાન પહોંચાડનારું છે. મોહમ્મદ આમિરે કહ્યું કે આ ફિલ્મ PPP તેના નેતાઓ અને સમર્થકો વિરુદ્ધ નફરત ફેલાવવા, અપમાન કરવા અને ઉશ્કેરવાનું કામ કરે છે. તેમણે પાકિસ્તાન દંડ સંહિતાની કલમો 499, 500, 502, 504, 505, 153-એ અને 109 નો ઉલ્લેખ કર્યો છે. આ કલમો બદનક્ષી, ગુનાહિત ધમકી, રમખાણો ભડકાવવા અને વિવિધ જૂથો વચ્ચે દુશ્મની ફેલાવવા સાથે સંબંધિત છે. અરજદારે જણાવ્યું કે તેમણે અગાઉ દરખ્શાં પોલીસ સ્ટેશનના SHOને લેખિત ફરિયાદ આપી હતી, પરંતુ પોલીસે ન તો કેસ નોંધ્યો અને ન તો કોઈ કાયદેસરની કાર્યવાહી કરી. આ જ કારણોસર તેમને અદાલતનો દરવાજો ખટખટાવવો પડ્યો.

બોલિવૂડ ફિલ્મ ધુરંધર માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે. જોકે, મધ્ય પૂર્વના ઘણા દેશોમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધુરંધરને બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને UAEમાં રિલીઝ કરવાની મંજૂરી નકારી કાઢવામાં આવી હતી. એવો અહેવાલ છે કે આ દેશોમાં આ ફિલ્મને પાકિસ્તાન વિરોધી માનવામાં આવે છે. આ કારણોસર, ગલ્ફ દેશોમાં સેન્સરશીપ અધિકારીઓએ ફિલ્મના કન્ટેન્ટને મંજૂરી આપી નથી. આ પહેલીવાર નથી જ્યારે કોઈ ભારતીય ફિલ્મને આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોય. અગાઉ, પાકિસ્તાન થીમ આધારિત ઘણી ભારતીય ફિલ્મોને ખાડી દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. એવો અહેવાલ છે કે આ દેશોમાં આ ફિલ્મને પાકિસ્તાન વિરોધી માનવામાં આવે છે. આ કારણોસર, ગલ્ફ દેશોમાં સેન્સરશીપ અધિકારીઓએ ફિલ્મના કન્ટેન્ટને મંજૂરી આપી નથી. આ પહેલીવાર નથી જ્યારે કોઈ ભારતીય ફિલ્મને આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોય. અગાઉ, પાકિસ્તાન થીમ આધારિત ઘણી ભારતીય ફિલ્મોને ખાડી દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. 2024માં ઋતિક રોશન અને દીપિકા પાદુકોણની ફિલ્મ, ફાઈટરને પણ ખાડી દેશોમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. શરૂઆતમાં USE સિવાય તમામ ખાડી દેશોમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. કેટલાક પાકિસ્તાની જૂથોએ ફિલ્મમાં પુલવામા હુમલાના ચિત્રણ સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેને પાકિસ્તાન વિરોધી પ્રચાર ગણાવ્યો હતો. આ પછી, રિલીઝ થયાના એક દિવસ પછી જ UAEમાં પણ ફાઈટરને સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. આ વર્ષે, અક્ષય કુમારની સ્કાય ફોર્સ અને જોન અબ્રાહમની ધ ડિપ્લોમેટને પણ પાકિસ્તાન સંબંધિત કન્ટેન્ટને કારણે ઘણા મધ્ય પૂર્વી દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવી હતી.

## વધુ ઘઉંના ઉત્પાદનથી તુર્કીયેમાં 100 ફૂટ પહોળા ખાડા બન્યા

**ખેતરોમાં અત્યાર સુધીમાં 684 સિંકહોલની ઓળખ થઈ; ગ્રાઉન્ડ વૉટર લેવલ ઘટવાથી જમીન ધસી રહી છે**



**તુર્કી, તા.13**

તુર્કીનો અન્ન ભંડાર કહેવાતો કોન્યા મેદાન આ દિવસોમાં એક ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યો છે. અહીં તુર્કીના સૌથી વધુ ઘઉં ઉગાડવામાં આવે છે. કોન્યા મેદાનનો કુલ કૃષિ વિસ્તાર લગભગ 2.6 મિલિયન હેક્ટર છે, જે તુર્કીના કુલ કૃષિ વિસ્તારના 11.2% છે. ક્ષમતા કરતાં વધુ ઉત્પાદન અને ભૂગર્ભ જળના અતિશય ઉપયોગને કારણે આ વિસ્તાર દુષ્કાળનો સામનો કરી રહ્યો છે. આનાથી જમીનમાં સેંકડો ખાડા (સિંકહોલ) બની રહ્યા છે, જે ખેતરોને બરબાદ કરી રહ્યા છે. તુર્કીની આપત્તિ વ્યવસ્થાપન એજન્સી AFADના નવા અહેવાલ મુજબ, કોન્યા બેસિનમાં અત્યાર સુધીમાં આવા 684 ખાડાઓની ઓળખ કરવામાં આવી છે. જ્યારે કોન્યા ટેકનિકલ યુનિવર્સિટીના સિંકહોલ રિસર્ચ સેન્ટર અનુસાર, 2017માં 299 સિંકહોલ હતા, જે 2021 સુધીમાં વધીને 2,550 થઈ ગયા. વર્ષ 2025માં લગભગ 20 નવા મોટા સિંકહોલ બનવાની પુષ્ટિ થઈ છે. આ ખાડાઓની ઊંડાઈ 30 મીટરથી વધુ અને પહોળાઈ 100 ફૂટ સુધીની હોવાનું જણાવાઈ રહ્યું છે. આ સંકટ અચાનક આવ્યું નથી, પરંતુ છેલ્લા 20 વર્ષથી ખેડૂતો અને પ્રશાસનની અવગણનાને કારણે તે ધીમે ધીમે વધ્યું છે. 2025માં આ સમસ્યા વધુ તીવ્ર બની છે, કારણ કે દુષ્કાળ અને ભૂગર્ભજળનો ઉપયોગ ઘણો વધી ગયો છે. AFADના રિપોર્ટ અનુસાર, કરાપિનાર જિલ્લામાં એકલા 534 સિંકહોલ છે, અને આ મુખ્યત્વે ગ્રામીણ અને કૃષિ વિસ્તારોમાં છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ માનવીય કારણોસર આવેલી આફત છે, જ્યાં લોકોની બેદરકારીએ તેને વધુ પ્રોત્સાહન આપ્યું છે. ભૂસ્તરશાસ્ત્રીય સંરચના:કોન્યા મેદાનની ભૂસ્તરશાસ્ત્રીય સંરચના 'કાર્સ્ટ' પ્રકારની છે, એટલે કે આ મેદાન કાર્બોનેટ અને જિપ્સમ જેવા દ્રાવ્ય ખડકોથી બનેલું છે.આ ખડકો હજારો વર્ષોમાં પાણીમાં ઓગળીને ખાડા બનાવે છે. પહેલાં અહીં સિંકહોલ બહુ ઓછા બનતા હતા, પરંતુ ભૂગર્ભજળ ઓછું થવાથી મેદાન આધાર ગુમાવી દે છે અને અચાનક તૂટી પડે છે, જેનાથી સપાટી પર મોટા ખાડા બની જાય છે. વરસાદમાં ઘટાડો:તુર્કીમાં છેલ્લા 15 વર્ષમાં પાણીનું સ્તર સૌથી નીચા સ્તરે પહોંચી ગયું છે. આબોહવા પરિવર્તને વરસાદ ઘટાડ્યો છે, જેના કારણે જળ ભંડાર રિચાર્જ થઈ શકતા નથી. ભૂગર્ભ જળનું સ્તર ઘટવું:કોન્યામાં બીટ, મકાઈ અને અન્ય પાણી-સઘન પાકોની સિંચાઈ માટે હજારો કાયદેસર અને ગેરકાયદેસર કુવાઓ ચાલી રહ્યા છે. 1970ના દાયકાથી કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળનું સ્તર 60 મીટર સુધી ઘટી ગયું છે.



નવી દિલ્હીમાં સંવિધાન સદન ખાતે 2001ના સંસદ હુમલાની 24મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત સમારોહ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. ઉપપ્રમુખ સી.પી. રાધાકૃષ્ણન અને લોકસભામાં વિરોધી પક્ષ રાહુલ ગાંધી પણ જોવા મળે છે.

## કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહને પાકિસ્તાનથી ખતરો

**ગૃહ મંત્રાલયે સુરક્ષા વધારી; ભોપાલ-દિલ્હી આવાસ સામે વધારાની બેરિકેડિંગ**

**મહારાષ્ટ્ર, તા.13**

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણની સુરક્ષા વધારવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયને મળેલા ઈનપુટ બાદ શુક્રવારે મોડી રાત્રે ભોપાલ અને દિલ્હી બંને જગ્યાએ તેમની સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક કરવામાં આવી. ભોપાલમાં 74 બંગલા સ્થિત B-8 આવાસની ચારેય બાજુ પોલીસે વધારાની બેરિકેડિંગ કરી. જ્યારે દિલ્હી સ્થિત સરકારી આવાસ પર પણ સુરક્ષા વધારવામાં આવી છે. શિવરાજ પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI દ્વારા રસ દાખવવામાં આવ્યો હોવાની માહિતી મળી છે. ISI દ્વારા શિવરાજ વિશે માહિતી એકત્રિત કરવાના સમાચાર- MHA સુરક્ષા વધારવા અંગે જારી કરાયેલા ગૃહ મંત્રાલયના પત્ર મુજબ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ



વિશે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIએ માહિતી મેળવવામાં રસ દાખવ્યો છે. શિવરાજ પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI દ્વારા રસ દાખવવામાં આવ્યો હોવાની માહિતી મળી છે. ISI દ્વારા શિવરાજ વિશે માહિતી એકત્રિત કરવાના સમાચાર- MHA સુરક્ષા વધારવા અંગે જારી કરાયેલા ગૃહ મંત્રાલયના પત્ર મુજબ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ વિશે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIએ માહિતી મેળવવામાં રસ દાખવ્યો છે. કેન્દ્રીય સુરક્ષા એજન્સીની સલાહથી કેન્દ્રીય મંત્રીની સુરક્ષા વ્યવસ્થાની તપાસ કરવામાં આવી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ અપ્રિય ઘટનાને રોકવા માટે તમારી સુરક્ષા વ્યવસ્થાને યોગ્ય રીતે ગોઠવો. Z+ મળ્યા પછી પણ વધારાની સુરક્ષા શિવરાજ સિંહ ચૌહાણ પહેલાથી જ Z+ કેટેગરીની સુરક્ષામાં છે. આમ છતાં, ગૃહ મંત્રાલયને નવા ઈનપુટ્સ મળ્યા પછી, કેન્દ્રએ એમપી ડીજીપી, દિલ્હી પોલીસના વિશેષ પોલીસ કમિશનર (સુરક્ષા) અને એમપીના મુખ્ય સચિવને સુરક્ષા મજબૂત કરવા નિર્દેશ મોકલ્યો છે. કેન્દ્રીય સુરક્ષા એજન્સીની સલાહથી કેન્દ્રીય મંત્રીની સુરક્ષા વ્યવસ્થાની તપાસ કરવામાં આવી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ અપ્રિય ઘટનાને રોકવા માટે તમારી સુરક્ષા વ્યવસ્થાને યોગ્ય રીતે ગોઠવો. Z+ મળ્યા પછી પણ વધારાની સુરક્ષા શિવરાજ સિંહ ચૌહાણ પહેલાથી જ Z+ કેટેગરીની સુરક્ષામાં છે. આમ છતાં, ગૃહ મંત્રાલયને નવા ઈનપુટ્સ મળ્યા પછી, કેન્દ્રએ એમપી ડીજીપી, દિલ્હી પોલીસના વિશેષ પોલીસ કમિશનર (સુરક્ષા) અને એમપીના મુખ્ય સચિવને સુરક્ષા મજબૂત કરવા નિર્દેશ મોકલ્યો છે.

## NCR 6 લેન એક્સપ્રેસ વે પર અડધો ડઝન ગાડીઓ અથડાઈ

**ગાઢ ધુમ્મસનો કહેર, અનેક લોકો ઘાયલ, ટ્રાફિકજામ સર્જાયો**



**ગ્રેટર નોઇડા, તા.13**

ગ્રેટર નોઈડા ઈસ્ટર્ન પેરિફેરલ હાઈવે પર ગાઢ ધુમ્મસની અસર અત્યારથી જ દેખાવા લાગી છે. અહીં અડધો ડઝનથી વધુ વાહનો એકસાથે અથડાયા હતા. આ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તમામ ક્ષતિગ્રસ્ત વાહનોને હાઈવેની બાજુમાં ખસેડ્યા હતા. આ સાથે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના બંબાવડ બાદલપુર પોલીસ સ્ટેશન વિસ્તારની હોવાનું કહેવાય છે. આ અકસ્માતનો વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ઘણી કાર અને ટ્રક એકબીજા સાથે અથડાયા છે. ઘટનાસ્થળે હાજર પોલીસકર્મીઓ ટોલ મેનેજમેન્ટ ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત કાર અને ટ્રકને બાજુમાં ખસેડી રહ્યા છે. પોલીસે જણાવ્યું કે ગાઢ ધુમ્મસના કારણે વાહનોના ડ્રાઈવરોને જોવામાં મુશ્કેલી પડી રહી હતી. આવી સ્થિતિમાં એક પછી એક અડધો ડઝનથી વધુ વાહનો એકબીજા સાથે અથડાયા. જેના કારણે ઘણા લોકો ઘાયલ થયા, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે, અકસ્માતમાં ઘાયલ એક ડ્રાઈવરનું કહેવું છે કે ગાઢ ધુમ્મસ હતી. આ દરમિયાન તેને કંઈ દેખાતું ન હતું. આવી સ્થિતિમાં તેની ગાડી આગળ ઉભેલી એક ગાડી સાથે અથડાઈ ગઈ. જેના પછી અન્ય ઘણા વાહનોએ પણ તેની ગાડીને પાછળથી ટક્કર મારી. જ્યારે, ઘાયલ લોકોમાં મહિલાઓ પણ સામેલ છે. આ ઘટના પછી હાઈવે પર લાંબો જામ જોવા મળ્યો અને પોલીસ ટ્રાફિક હળવો કરવામાં વ્યસ્ત છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ સુધી ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# સળિયાથી માથું ફોડ્યું, પકડથી આંગળીઓ-કાન કાપ્યા

## મોત પહેલાં બોલ્યો- પેન્ટ ખોલીને જોયું કે મુસ્લિમ છે, નવાદામાં મોબ લિન્ચિંગની ક્રૂર ઘટના







**પેન્ટ ઉતારીને તપાસ કરી, પ્રાઈવેટ પાર્ટમાં પેટ્રોલ નાખ્યું**

**ઈંટથી મારીને મારી આંગળીઓ અને હાથ તોડી નાખ્યા. એટલું જ નહીં નખ પણ ઉખાડી નાખ્યા.**

અતહરે આગળ જણાવ્યું કે હુમલાખોરોએ તેમના પેન્ટ ઉતારીને પ્રાઈવેટ પાર્ટ તપાસ્યા. રોડ નાખી દીધો. પછી પેટ્રોલ નાખ્યું. ત્યારબાદ ગરમ લોખંડના રોડથી શરીરના ઘણા ભાગોમાં ડામ આપ્યા. મારી ચામડી નીકળી ગઈ. હુમલાખોરોની સંખ્યા પછીથી વધીને 15-20 થઈ ગઈ હતી. સ્ટીલના રોડથી માથા પર માર્યો, જેનાથી માથું ફાટી ગયું. છાતી પર ચઢીને ગળું દબાવ્યું.

**બિહાર, તા.13**

બિહારના નવાદામાં 5 ડિસેમ્બરે મોબ લિંચિંગમાં ઘાયલ થયેલા યુવકનું શુક્રવારે મોડી રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ થયું. મૃતકની ઓળખ નાલંદા જિલ્લાના નિવાસી મોહમ્મદ અતહર હુસૈન (40) તરીકે થઈ છે. મૃત્યુ પામતા પહેલા મોહમ્મદ અતહર હુસૈને 7 ડિસેમ્બરે કેમેરા પર પોતાનું નિવેદન નોંધાવ્યું હતું, જેમાં તેણે આખી ઘટના વિગતવાર જણાવી હતી. મોહમ્મદ અતહર હુસૈને જણાવ્યું કે 4-5 લોકોએ તેને ઘેરીને મારપીટ કરી. તેમને એક રૂમમાં લઈ ગયા, પછી પેન્ટ ઉતારીને તપાસ કરી કે તે મુસ્લિમ છે કે નહીં. તે પછી ગરમ સળિયાથી માર્યો, સ્ટીલના સળિયાથી મારીને માથું ફોડી નાખ્યું. લાકડી-દંડા, ઈંટથી માર્યો. કોઈએ આંગળીઓ તોડી, તો કોઈ છાતી પર ચઢીને ગળું દબાવવા લાગ્યો. એટલું જ નહીં, પકડથી તેના કાન કાપી નાખ્યા. મારપીટ કરીને તેને અધમૂઓ કરી દીધો. આ દરમિયાન કોઈએ ડાયલ 112 લગાડીને જાણ કરી, ત્યારે તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. ઘટનાના 6 દિવસ પછી મોહમ્મદ અતહરનું મૃત્યુ થયું. મૃતકની પત્ની શબનમ પરવીને 10 લોકોને નામજોગ અને 15 અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ કર્યો છે. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. 20 વર્ષથી ફરીને કપડાં વેચતો હતો, 7 ડિસેમ્બરે કેમેરા પર આપેલા પોતાના નિવેદનમાં મોહમ્મદ અતહર હુસૈને જણાવ્યું હતું કે, 'હું છેલ્લા 20 વર્ષથી નવાદા વિસ્તારમાં ફેરી કરીને કપડાં વેચતો હતો. 5 ડિસેમ્બરે પણ ફેરી કરીને ડુમરી ગામથી ઘરે પાછો ફરી રહ્યો હતો, ત્યારે રોહ પોલીસ સ્ટેશન વિસ્તારના ભટ્ટાપર ગામથી પાછા ફરતી વખતે નશામાં ધૂત 6-7 યુવકોએ મને ઘેરી લીધો.' 'યુવકોએ પહેલા મારું નામ પૂછ્યું, નામ સાંભળતા જ બળજબરીથી સાયકલ પરથી ઉતારીને 8 હજાર રૂપિયા લૂંટી લીધા. ત્યારબાદ હાથ-પગ બાંધીને એક રૂમમાં બંધ કરી દીધો. પછી હુમલાખોરોએ ઈંટ-રોડથી માર માર્યો.' 'ઈંટથી મારીને મારી આંગળીઓ અને હાથ તોડી નાખ્યા. એટલું જ નહીં નખ પણ ઉખાડી નાખ્યા.' પેન્ટ ઉતારીને તપાસ કરી, પ્રાઈવેટ પાર્ટમાં પેટ્રોલ નાખ્યું, અતહરે આગળ જણાવ્યું કે હુમલાખોરોએ તેમના પેન્ટ ઉતારીને પ્રાઈવેટ પાર્ટ તપાસ્યા. રોડ નાખી દીધો. પછી પેટ્રોલ નાખ્યું. ત્યારબાદ ગરમ લોખંડના રોડથી શરીરના ઘણા ભાગોમાં ડામ આપ્યા. મારી ચામડી નીકળી ગઈ. હુમલાખોરોની સંખ્યા પછીથી વધીને 15-20 થઈ ગઈ હતી. સ્ટીલના રોડથી માથા પર માર્યો, જેનાથી માથું ફાટી ગયું. છાતી પર ચઢીને ગળું દબાવ્યું. મોઢામાંથી લોહી આવવા લાગ્યું હતું. માર મારતા પહેલા આરોપીઓએ પકડથી મારો કાન કાપી નાખ્યો. માર મારવાથી મારું આખું શરીર બળી ગયું. હાથ પણ તૂટી ગયા. નાલંદાનો રહેવાસી, નવાદામાં સાસરી, મો. અતહર મૂળ રૂપે બિહારશરીફના લહેરી પોલીસ સ્ટેશન વિસ્તારના ગગનદીવાનના રહેવાસી હતો. યુવકની નવાદા જિલ્લાના રોહ પોલીસ સ્ટેશન વિસ્તારના બરુઈ ગામમાં સાસરી છે. તે સાસરીમાં રહીને સાયકલથી કપડાં ફેરીનું કામ કરતો હતો. પોલીસે 4 આરોપીઓની ધરપકડ કરી, રોહ પોલીસ સ્ટેશનના પ્રભારી રંજન કુમારે જણાવ્યું કે આ મામલે FIR નોંધવામાં આવી છે. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં સોનુ કુમાર, રંજન કુમાર અને શ્રી કુમારનો સમાવેશ થાય છે. બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે. મૃતકનું પોસ્ટમોર્ટમ મેજિસ્ટ્રેટ-ફોરેન્સિક ટીમની હાજરીમાં કરવામાં આવ્યું. મારપીટના કેસમાં મૃતકની પત્ની શબનમ પરવીને 10 લોકોને નામજોગ અને 15 અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. જેમાં સત્યનારાયણ કુમાર, મંટુ યાદવ, સોનુ કુમાર, સતીશ કુમાર, સિકંદર યાદવ, રામસ્વરૂપ યાદવ, રંજન કુમાર, વિપુલ કુમાર, સચિન કુમાર, સુગન યાદવને આરોપી બનાવવામાં આવ્યા છે. પત્નીએ અરજીમાં જણાવ્યું છે કે 8000 હજાર રૂપિયા પણ કાઢી લેવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ

# RSSનો મેસેજ- યોગી પર સવાલ ઉઠાવ્યો તો બળવાખોર ગણાશો

'યુપીમાં 2027માં થનારી વિધાનસભા ચૂંટણી CM યોગી આદિત્યનાથના નેતૃત્વમાં લડાશે. તેમના નેતૃત્વ પર જે સવાલ ઉઠાવશે, તેને બળવાખોર ગણવામાં આવશે. આ મેસેજ માત્ર રાજ્ય માટે જ નહીં, રાષ્ટ્રીય નેતૃત્વ માટે પણ છે.' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે RSSનો આ મેસેજ BJP લીડરશિપ માટે છે. 2 ડિસેમ્બરના રોજ લખનઉમાં RSS અને BJPની મીટિંગ હતી. સૂત્રો જણાવે છે કે બેઠકમાં ઉઠેલા મુદ્દા અને મેસેજ બંને RSSએ નક્કી કર્યા. બેઠકમાં મહોર લગાવી દેવામાં આવી કે યુપીમાં યોગી જ ચહેરો છે. RSSનો ટિકિટ વહેંચણીથી લઈને મુદ્દા નક્કી કરવામાં પણ દખલ રહેશે.

એક મેસેજ એ પણ આપવામાં આવ્યો કે લોકસભા ચૂંટણીની જેમ BJP અને RSS વચ્ચે મતભેદ નથી. આ મીટિંગ પહેલા 24 નવેમ્બર 2025ના રોજ RSS ચીફ મોહન ભાગવત અને CM યોગી આદિત્યનાથ અયોધ્યામાં મળ્યા હતા.શું આ RSSના 'મિશન યુપી'ની શરૂઆત છે? આ સવાલ અમે દિલ્હી અને યુપીમાં RSS સાથે જોડાયેલા પદાધિકારીઓ, BJP નેતાઓ અને એક્સપર્ટ્સને પૂછ્યો.લખનઉના RSS કાર્યાલયમાં પહેલા સંઘની બેઠક થઈ. લગભગ 3 કલાક ચાલેલી આ મિટિંગમાં સંગઠન મંત્રી બીએલ સંતોષ, સહ સરકાર્યવાહ અરુણ કુમાર અને BJPના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર સિંહ ચૌધરી હાજર હતા. આ પછી એક બેઠક BJP ઑફિસમાં થઈ. આમાં CM યોગી આદિત્યનાથ અને યુપીના બંને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ જોડાયા. આ મિટિંગ લગભગ સવા કલાક ચાલી.

RSSના સૂત્રો જણાવે છે કે લખનઉમાં થયેલી બેઠકની કમાન RSSના હાથમાં હતી. મિટિંગમાં સ્પષ્ટ કરી દીધું કે RSS યુપી ચૂંટણીની બાગડોર સંપૂર્ણ રીતે પાર્ટીના હાથોમાં નહીં સોંપે. એટલે કે વિધાનસભા ચૂંટણીમાં RSSની મોટી ભૂમિકા હશે. વ્યૂહરચનાથી લઈને નિર્ણયો સુધીમાં તેનો હસ્તક્ષેપ હશે. હકીકતમાં 2022ની વિધાનસભા ચૂંટણી પાર્ટીએ યોગી આદિત્યનાથના નેતૃત્વમાં લડી હતી. આના પર પાર્ટીની અંદર સવાલ ઉઠ્યા. તે વખતે મનોજ સિન્હા, કેશવ પ્રસાદ મૌર્ય જેવા ઘણા નામ મુખ્યમંત્રીની રેસમાં આવી ગયા હતા. આની અસર એ થઈ કે 2017ની સરખામણીમાં BJPની 57 બેઠકો ઘટી ગઈ. પાર્ટીએ 2017માં 312 બેઠકો જીતી હતી, જે 2022માં 255 રહી ગઈ. આ ખેંચતાણની અસર 2024ની ચૂંટણીમાં પણ જોવા મળી. 2019ની લોકસભા ચૂંટણીમાં BJPને યુપીમાંથી 62 બેઠકો મળી હતી. 2024માં આ ઘટીને 33 રહી ગઈ. તેથી RSSએ ચૂંટણીના લગભગ દોઢ વર્ષ પહેલાં જ યુપીમાં નેતૃત્વને લઈને કોઈ પણ પ્રકારનો અસમંજસ રાખનારાઓને સંદેશ આપી દીધો છે. RSS તરફથી સંદેશ આપવામાં આવ્યો છે કે 2022 જેવી સ્થિતિ ફરીથી મંજૂર નથી. યોગીના નેતૃત્વ પર આંગળી ઉઠાવનારને બળવાખોર સમજવામાં આવશે. પાર્ટીમાં જલદી જ મોટા ફેરફાર કરવામાં આવશે. મતલબ સ્પષ્ટ છે કે યોગી વિરુદ્ધ લૉબિંગ કરનારાઓને બહારનો રસ્તો દેખાડવામાં આવશે અને કેટલાક નવા ચહેરા સામેલ થશે. એ પણ કહેવામાં આવ્યું કે આ સંદેશ માત્ર બેઠક સુધી સીમિત ન રહે.

# માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સાવધાની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, માનસ સાવધાન અંતર્ગત આપણે ઘણી વાતો કરી. પરંતુ માનસમાં ત્રણ સ્ત્રી પાત્ર પસંદ કરીને, સાવધાનની મુખ્ય ભૂમિકા બની છે. પહેલા ભવાની કે જેને શિવ બુદ્ધિથી સાવધાન થઈને સાંભળવા કહે છે. બીજા સુનયનાજી જેને રાજા જનક સાવધાન કરી ભરત ચરિત્ર સંભળાવે છે. ત્રીજા શબરી જેને ભગવાન ખુદ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે સાવધાન થઈ મનમાં ધારણ કરવા જણાવે છે. ભૂશંડીજી ગરુડને સાવધાન કરે છે,

આમ માનસમાં શિવજીના મુખે સાવધાન શબ્દનો પ્રયોગ કરી, તુલસીદાસજી આપણને સૌને સાવધાન કરી રહ્યાં છે. પ્રયાગમાં ભરદ્વાજ સાથેની વાતચીતમાં ભરતજીએ કહ્યું કે મારી માએ મને કલંક લગાડ્યું, રામને વનવાસ આપ્યો અને મમતાને કારણે મને રાજગાદી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ ભરદ્વાજ કહે છે કે, આપનો યશચંદ્ર આપની કીર્તિચંદ્ર અદભુત છે, અને મને આમાં ક્યાંય કલંક દેખાતું નથી. તમે જેને કલંક કહો છો, એ અમારા જેવા માટે તો ભક્તિ રસાયણ બની ગયું. સાધુની અપ કીર્તિ પણ સાવધાની પૂર્વક સાંભળવામાં આવે, તો આપણા માટે ભક્તિ રસાયણ બની જાય છે, આવું ભરદ્વાજ ઋષિએ કહ્યું એ બહુ અદભુત સૂત્ર છે.

મારા શ્રોતા ભાઈ બહેનો કથા આપણને શું શીખવે છે! કલંકથી બચવું કંઈ રીતે! રામકથામાં કોને કલંક નથી લાગ્યુ? ભગવાન રામને પણ કલંક લાગ્યું દુનિયાએ પણ આંગળી ચીંધી કે રામે વૃક્ષની પાછળ છુપાઈને વાલીને માર્યો! એક ધોબીએ મા જાનકીને કલંકનું ધાબુ લગાવી દીધું. કૈકેયીને તો કલંક લાગ્યું જ છે! બ્રહ્માને પણ એક કલંક લાગ્યું કે, પોતાની જ રચના પાછળ ઘેલા થયાં, પરંતુ માનસ ભરત એક એવો ચંદ્ર છે, જેમાં કોઈ કલંક નથી. શ્રવણ એક વિજ્ઞાન છે, એક સાયન્સ છે, સાંભળી તો શકાય છે, પણ શ્રવણ નથી થઈ શકતું! એટલા માટે સાવધાની પૂર્વક કથા સાંભળવાની વાત કહી છે. ચંદ્રમાં કલંક શા માટે છે? ચંદ્રના કલંકની બહુ જુદી જુદી વાતો કરવામાં આવે છે, પરંતુ ચંદ્રમાં કલંક, એટલે કે કાળા ધાબા જે લાગી ગયા છે, એનું એકમાત્ર મૂળ કારણ છે, કે એણે એના ગુરુની ધર્મપત્ની પર ખરાબ દ્રષ્ટિ કરી, ચંદ્રના ગુરુ મહારાજ ગૃહસ્પતિ એમની પાછળ એ દોડ્યો હતો. ચંદ્રને થોડી પ્રતિષ્ઠા મળી, પરંતુ એ પ્રકાશ પોતાનો નથી ઉધાર છે! છતાં એણે કુદ્રષ્ટિ કરવાની ભૂલ કરી. ભરતનો યશચંદ્ર ઊંચાઈ મળ્યા છતાં પણ કલંકથી મુક્ત છે.

નવ બિધું બિમલ તાત જસુ તોરા,

રઘુવર કિંકર કુમુદ ચકોરા.

ભરદ્વાજ ભરતને પૂર્ણ કલંક મુક્ત યશચંદ્ર અને કીર્તિચંદ્ર ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપે છે. ક્યારેક પુત્રને પણ આ રીતે તાત સંબોધન કરી શકાય. આમ પણ શ્રોતા વક્તાથી મોટા હોય છે એવું તુલસી લખે છે. શ્રોતા વક્તા જ્ઞાન નિધિ, એમાં એમણે શ્રોતાને પહેલા સ્થાન આપ્યું છે. ભારદ્વાજ ઋષિએ ભરતને બાપ કહ્યા છે, ભગવાન રામના કિંકર, ભગવાન રામના દાસરૂપી કુમુદને ચકોરની જેમ આપનો યશચંદ્ર હંમેશા સુખ આપનારો છે.



કથા વિરામ પહેલા કાર્તિકેયના ષડમુખની વાત કહેતાં જજો, એવું એક નિવેદન કરવામાં આવ્યું છે. કાર્તિકેયને પુરુષાર્થની ઉપમા આપવામાં આવી છે, અને મહાન પુરુષાર્થ હંમેશા ષડમુખી હોય છે.(૧) પુરુષાર્થ હંમેશા નિમિત બનીને કરવો. પરંતુ નિમિત બનીને ન કરવું, એટલે કે મારાથી આ નહીં થાય એવી નિરાશા કે હતાશા સાથે ન કરવું. (૨) સ્પર્ધાથી પુરુષાર્થ ન કરવો, લોકો કહે છે સ્પર્ધા વગર વિકાસ કેમ થાય? પણ અન્ય સાથે સ્પર્ધા નહીં ખુદ સાથે સ્પર્ધા કરો કે ગયા વખતે આટલો પુરુષાર્થ કર્યો હતો આ વખતે આનાથી બમણો કરીશ. આ વર્ષે આટલું ભજન કર્યું આવતા વખતે હજી વધુ ભજન કરીશ.( ૩) કાર્તિકેરૂપી પુરુષાર્થનું ત્રીજું મુખ કૌશલ્ય છે, એટલે કે કુશળ બની પુરુષાર્થ કરો. ગીતામાં પણ કહ્યું છે યોગઃ કર્મેષુ કૌશલમ. કોઈપણ કાર્યમાં કુશળતા હોય તો પરિણામ વધુ સારું આવે છે માટે કુશળ બની પુરુષાર્થ કરવો. (૪) કાર્તિકે રૂટી પુરષાતનું ચોથું મુખ પરમાર્થ છે! પુરુષાર્થ કરતી વખતે પરમાર્થનો વિચાર પણ કેન્દ્રવર્તી હોવો જોઈએ! કે હું જે કમાઈશ એમાંથી થોડો પરમાર્થ પણ કરીશ, અને એટલે જ હું કથાઓમાં 10% ની વાત કરતો હોઉં છું, કે આપણી કમાણીનો 10 મો ભાગ પરમાર્થ માટે કાઢવો. ખૂબ કમાઓ કમાશો નહીં તો, ભગવત કથાઓનું આયોજન કેમ થશે?: પરંતુ પુરુષાર્થ સાથે પરમાર્થ જરૂરી છે. મોટા મોટા આયોજનો થાય એટલું ન્હોય તો, આટલી મોટી માત્રામાં જરૂરત મંદો આપણી આસપાસ છે જ , કોઈની ફી ભરો, કોઈને પુસ્તક, આપો કોઈને એક બે ટંક જમવાનું આપો, કોઈને દવા અપાવો,જેટલું થાય એટલું. (૫ ) પુરુષાર્થનું પાંચમું મુખ સંતોષ છે! આપણને આપણા કર્મ રૂપી પુરુષાર્થથી સંતોષ હોવો જોઈએ કે બસ ટકાર આવી ગઈ આટલું ધન પર્યાપ્ત છે, આટલી પ્રવૃત્તિ પર્યાપ્ત છે! મારા પુરુષાર્થથી આખા વર્ષ દરમિયાન જેટલું ફળ સ્વરૂપ મળ્યું એનો મને સંતોષ છે! હકીકતમાં અસંતોષ જ આપણી અશાંતિનું કારણ છે. જેટલું મળ્યું એમાં સંતોષ માનવો એ જ મહત્વનું છે. કાર્તિકેય રુપી પુરુષાર્થનું છઠ્ઠું મુખ આત્મસુખ. આપણે જે ભોગવી રહ્યા છીએ એ સુખ નથી એ સાધન પ્રેરક સુવિધાઓ છે, એ ન હોય તો આપણું સુખ ગાયબ. સુખ સ્વરૂપ તો રઘુવંશી મણી છે! જોકે આપણે સૌ એનાં અંશ હોવાને નાતે સુખ સ્વરૂપ જ છીએ! પણ આપણું સુખ ઢંકાયેલું છે! કથા એને બેનકાબ કરે છે. કોઈ આપતું નોતું કથા પરદા હટાવી દે છે. કોઈ બુદ્ધ પુરુષ જાણે છે, કે આપણામાં શું પડ્યું છે! અને એને પ્રગટ કરી આપણી જોળી સુખથી ભરી દે છે. ગુરુ દીક્ષા નો અર્થ જ એ છે, આત્મ તત્વ પરથી પડદો હટાવી દેવો, કે ખોલી નાખવો, પણ આપણું સુખ આપણને મહેસુસ થવું જોઈએ! ન થાય તો એ આપણી ત્રૂટિ છે, બુદ્ધ પુરુષની નહીં.

માનસમાં આવતા સાવધાન શબ્દનો સંદર્ભની ચર્ચા કરી કથા અને વિરામ તરફ આગળ વધારી,

ભગવાન રામ પોતાની સેના સાથે લંકામાં સુબેલ પર્વતના શિખર પર વિશ્રામ કરે છે રાવણના દરબારમાં અંગત રાજ દુધ તરીકે જાય છે સંધિ વિફળ રહી અને સંઘર્ષ અનિવાર્ય બન્યો યુદ્ધ ઘોષિત થયું ભયંકર યુદ્ધને અંતે રામે રાવણની નાભિ માં બાણ માર્યું. રાવણના અંતિમ સંસ્કાર થયા વિભીષણને લંકાનું રાત તિલક થયું. સીતાનું અગ્નિમાં છુપાયેલું સ્વરૂપ પ્રગટ થયું, અને ભગવાન મિત્ર સાથે પુષ્પક વિમાનમાં ઉડાન ભરે છે. હનુમાનજી અયોધ્યા પહોંચી ભગવાનના આવવાની ખબર આપે છે. ભગવાનનો 14 વરસ પહેલા થનારો રાજ્યાભિષેક થયો, ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો. ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો.

## પશ્ચિમ રેલવે દ્વારા

# કલોલ સ્ટેશન પર ચાર ટ્રેનોનું વધારાનું સ્ટોપેજ



**અમદાવાદ, તા. 13**

રેલવે પ્રશાસન દ્વારા યાત્રીઓની બહુપ્રતીક્ષિત માંગને ધ્યાનમાં રાખતાં વલસાડ-વડનગર એક્સપ્રેસ, જોધપુર-કેએસઆર બેંગલુરૂ એક્સપ્રેસ, મુજફ્ફરપુર-સાબરમતી એક્સપ્રેસ અને દિલ્હી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ ટ્રેનોનો કલોલ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણ પર વધારાનો સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોનો કલોલ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય નીચે મુજબ રહેશે :

1. ટ્રેન નંબર 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નંબર 20959 વલસાડ-વડનગર એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 11.37 કલાકે આગમન અને 11.39 કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર 20960 વડનગર-વલસાડ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 18.15 કલાકે આગમન અને 18.17 કલાકે પ્રસ્થાન કરશે.

2. ટ્રેન નંબર 12215/12216 દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

ટ્રેન નંબર 12215 દિલ્લી સરાય રોહિલ્લા-બાન્દ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 22.41 કલાકે આગમન અને 22.43 કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર 12216 બાન્દ્રા ટર્મિનસ-દિલ્લી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 20.11 કલાકે આગમન અને 20.13 કલાકે પ્રસ્થાન કરશે.

3. ટ્રેન નંબર 16507/16508 જોધપુર-કેએસઆર બેંગલુરૂ દ્વિસાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નંબર 16507 જોધપુર-કેએસઆર બેંગલુરૂ એક્સપ્રેસ 18 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 12.55 કલાકે આગમન અને 12.57 કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર 16508 કેએસઆર બેંગલુરૂ-જોધપુર એક્સપ્રેસ 17 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 06.19 કલાકે આગમન અને 06.21 કલાકે પ્રસ્થાન કરશે.

4. ટ્રેન નંબર 15269/15270 મુજફ્ફરપુર-સાબરમતી સાપ્તાહિક જનસાધારણ એક્સપ્રેસ

ટ્રેન નંબર 15269 મુજફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ 20 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 05.53 કલાકે આગમન અને 05.55 કલાકે પ્રસ્થાન કરશે. આ જ રીતે ટ્રેન નંબર 15270 સાબરમતી-મુજફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ 20 ડિસેમ્બર 2025 થી કલોલ સ્ટેશન પર 18.28 કલાકે આગમન અને 18.30 કલાકે પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય, સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# 'અમે તો નથી છેતરાતા, બીજાને પણ નહીં છેતરાવા દઇએ...':ગુજરાતનું એવું ગામ જ્યાંના લોકો ભલભલા ચીટરને ધૂળ ચટાડી દે

ઝારખંડનું આ ગામ એટલું બદનામ છે કે દેશમાં જ્યારે પણ કોઇ સાયબર ગઠિયાની વાત આવે ત્યારે તેનું કનેક્શન તેની સાથે નીકળે પણ ગુજરાતનું એક એવુ ગામ છે જે જામતારા કરતાં સાવ ઊંધી દિશામાં જ આગળ વધ્યું છે અને ભલભલા ગઠિયાઓને ધૂળ ચાટતા કરી દીધા છે. 'અમે તો હજુય નથી છેતરાતા અને બીજાને પણ નહીં છેતરાવા દઈએ....' આ શબ્દો એ ગામની મહિલાના છે જે ગામના અડધા લોકો તો ભણેલા જ નથી. ગામનું નામ રાજપર. સુરેન્દ્રનગરના વઢવાણથી અંદાજે 6થી 7 કિલોમીટર દૂર થાય. ગામમાં 800 મકાનો હશે, પાંચેક હજાર લોકોની વસતિ છે. એવું તો શું થયું કે આ ગામના લોકોએ કમાલ કરી દીધો એ જાણવા માટે દિવ્ય ભાસ્કરની ટીમે ગામની મુલાકાત લીધી હતી. અહીં અમે વિદ્યાર્થીઓ, શિક્ષિકા, પશુપાલક, આંગણવાડી કાર્યકરો, દુકાનદાર, સરપંચ સહિતના લોકોને મળ્યાં હતા. અહીં બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના લોકોમાં એટલી સમજ છે કે કોઇ વસ્તુ ખરીદે ત્યારે બિલ માગે, કોઇ સાયબર ગઠિયાઓનો ફોન આવે તો તેના પર ધ્યાન જ ન આપે. ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) તેમજ મેત્રી (મોટિવેશન ફોર એજ્યુકેશન ટ્રેનિંગ & રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ) એજ્યુકેશન ટ્રસ્ટે સાથે મળીને ઓગસ્ટ-2024માં અહીં જાગૃત ગ્રાહક ગામ નામથી એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જેમાં ગામના લોકોને કોઇપણ રીતના ફ્રોડથી બચવા માટેની માહિતી અપાય છે. ગામમાં દરેક જગ્યાએ ગ્રાહક જાગૃતિ માટેના લખાણ લખેલા છે ગામમાં દરેક જગ્યાએ ગ્રાહક જાગૃતિ માટેના લખાણ લખેલા છે

મુખ્ય દરવાજા, શેરીઓની દીવાલો, રિક્ષાઓ પર પોસ્ટર્સ લગાવેલા દેખાયા. જેમાં કોઇ વસ્તુ ખરીદ્યા પછી કેવું ધ્યાન રાખવું તેની માહિતી હતી. ટૂંકમાં કહીએ તો લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયાસો હતા. ગામના દરવાજા પાસે આવેલા એક મકાનમાં કેટલાક કાર્યકરો શિબિર યોજીને ગ્રામજનોને ગ્રાહક અધિકાર અંગે માહિતી આપતા જોવા મળ્યાં હતા. શિબિરથી આગળ વધીને અમે ગામની કન્યા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. અહીં ધો. 6થી 8માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ ગ્રાહકોના અધિકાર અંગે જાગૃત હતી. વિદ્યાર્થિનીઓ પાસે જુદા જુદા સૂત્રો લખેલા બેનર્સ હતા. જેમાં લખ્યું હતું કે ભ્રામક યોજનામાં ભરમાતા નહીં, MRP કરતાં વધુ રૂપિયા ન આપો, વેપારી પાસે બીલ માંગો, ગુણવત્તાના પ્રતિક ચિહ્નો જોઇને ખરીદી કરો, અસંતોષકારક માલની ફરિયાદ નોંધાવો, ઓનલાઇન છેતરપિંડીથી સાવધાન રહો.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ અમને કેટલાક કિસ્સાંઓ કહ્યાં.

**કિસ્સો 1**

એક વિદ્યાર્થિનીએ દિવ્ય ભાસ્કરને કહ્યું કે, મારા પપ્પાના ફોન પર ફ્રોડ કોલ આવ્યો હતો. 10 ફોન કર્યા હતા અને દરેક વખતે અલગ અલગ રાજ્યમાંથી બોલતાં હોવાનું કહેતા હતા. તમે અમારી એપમાંથી વસ્તુ લીધી છે અને પૈસા નથી આપ્યાં તેવું પણ કહેતા હતા. હકીકતમાં મારા પપ્પાએ કંઇ લીધું નહોતું એટલે અમારું બેંક એકાઉન્ટ બંધ કરી દીધું અને ફ્રોડ કોલ કરનારાએ કહ્યું છતાં ઓટીપી ન આપ્યો. ફ્રોડ કરનારા એવું કહેતા કે હું તમારા પર કેસ કરીશ, મારા પપ્પાએ કહ્યું કે તમે કેસ કરજો, તમે જ્યાં કહેશો ત્યાં હું આવીશ એટલે તેમણે ફોન કાપી નાખ્યો હતો.



**કિસ્સો 2**

આવી જ એક બીજી વિદ્યાર્થિનીએ પોતાના પિતાનો કિસ્સો વર્ણવતાં કહ્યું કે, મારા પપ્પાના મોબાઇલ પર એક ફોન આવ્યો હતો. એ લોકો કહેતાં હતા કે મેં તમારા ખાતામાં 12 હજાર રૂપિયા નાંખ્યા છે તો તમે જોઇ જુઓ. મારા પપ્પાએ કહ્યું કે, ના, મેં કોઈને પૈસા નાંખવાનું કહ્યું નથી. આના પછી બીજીવાર ફોન આવ્યો તો અમે ઉપાડ્યો જ નહીં.

**કિસ્સો 3**

ત્રીજી વિદ્યાર્થિનીએ ગ્રાહકોની આંખ ઉઘાડતી વાત કરી. તેણે કહ્યું, હું જ્યારે વસ્તુ લેવા જઉં ત્યારે એક્સ્પાયરી ડેટ, હોલમાર્ક જોઉં છું. લાલ ટપકું (નોનવેજ) છે કે લીલું (વેજ), પેકેટ તૂટેલું છે કે નહીં તે જોઉં છું અને કિંમત જોઉં છું. તેમાં લખ્યાં હોય તેટલાં પૈસા આપું છું. જો દુકાનદાર વધુ પૈસા માંગે તો હું તેમને કહું છું કે પેકેટ પાછળ તો આટલાં જ પૈસા લખ્યાં છે તમે વધારે કેમ પૈસા માંગો છો.

વિદ્યાર્થિનીઓમાં આવેલી જાગૃતિ પાછળનું એક કારણ શિક્ષણ છે અને બીજું કારણ CERC તેમજ મેત્રી એજ્યુકેશન ટ્રસ્ટનો પ્રયાસ છે. રશ્મિબેન દાંતણીયા આ જ શાળામાં 9 વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે અને ધો. 6થી 8ની વિદ્યાર્થિનીઓને સામાજિક વિજ્ઞાન અને હિન્દી ભણાવે છે.

ગ્રાહક અધિકાર અંગે ધો. 8માં સામાજિક વિજ્ઞાનમાં એક ચેપ્ટર આવે છે અને મેત્રી એજ્યુકેશન ટ્રસ્ટના દીપાલીબેન અવારનવાર અહીંયા ગ્રાહક અધિકાર અંગે જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમો કરવા આવતાં હોવાથી બાળકોમાં તે અંગે ઘણી જાગૃતિ આવી છે.

મેત્રી એજ્યુકેશન ટ્રસ્ટે રાજપર ગામના 800 લોકો પર બેઝલાઇન સર્વે કર્યો હતો. જેમાં જાણવા મળ્યું કે 50% લોકોએ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું છે. 23% લોકોએ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું છે. 13% લોકો પાસે સ્નાતક કક્ષા અને 1.38% લોકો પાસે અનુસ્નાતક કક્ષાની ડિગ્રી હતી. 12.5% લોકોએ કોઇ ઔપચારિક શિક્ષણ લીધું ન હોવાનું જણાવ્યું હતું. શાળાથી આગળ વધીને અમે ગામના દરવાજા પાસે પહોંચ્યાં. જ્યાં રહેતા સોનલબેન રબારી અમને મળ્યાં. સોનલબેન ખેતી તેમજ પશુપાલન સાથે સંકળાયેલા છે. કહ્યું કે, અમે જ્યારે સોનુ-ચાંદી કે કપડાં ખરીદવા જઈએ છીએ ત્યારે બિલ લઈએ છીએ. જો કોઈ વસ્તુ ખરીદ્યા બાદ તેને બદલાવવાની જરૂર પડે ત્યારે બિલ હોય તો કામ લાગે. જો વેપારી વસ્તુ ના બદલી દે અને આપણી પાસે બિલ હોય તો આપણે તે વેપારી વિરૂદ્ધ કાર્યવાહી કરી શકીએ, હેલ્પલાઈન પર ફરિયાદ કરી શકીએ. સંસ્થાએ ગામમાં બોર્ડ મારેલા છે તે જોઇએ છીએ અને તેમાંથી શીખીએ છીએ. ગામમાં જ એક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. જેમાં રીટાબેન ખેર કોમ્યુનિટી હેલ્થ ઓફિસર તરીકે છેલ્લા 4 વર્ષથી ફરજ બજાવે છે. તેમણે જણાવ્યું કે, બધા ગ્રામજનો ગ્રાહક અધિકાર અંગે જાણે છે પરંતુ ઓનલાઇન ખરીદીમાં ક્યારેક ભૂલ કરી બેસે છે. સંસ્થાના દીપાલીબેન અહીં આવીને વારંવાર કાર્યક્રમો કરે છે જેથી લોકોમાં જાગૃતિ આવી છે. તેમણે કહ્યું કે, લેડીઝ તરીકે તો અમને વસ્તુ જોઇને વધારે ખબર પડે કે ફૂગ લાગેલી છે કે કલર ચેન્જ છે. અમે તે જોઇને ઓળખી જઇએ છીએ કે વસ્તુ જૂની છે અને સ્ટીકર નવું લગાવેલું છે. ગ્રામજનોને પણ બધી ખબર પડે જ છે. ગામની આંગણવાડીમાં કામ કરતી મહિલાઓ પણ ગ્રાહક તરીકેના અધિકારથી સારી રીતે વાકેફ છે. છાયાબેન ચૌહાણ ગામની આંગણવાડીમાં તેડાગર તરીકે નોકરી કરે છે. તેમણે કહ્યું કે, અમે ગ્રામજનોને મળીએ ત્યારે થોડું સમજાવીએ છીએ. ગ્રાહક સુરક્ષાવાળા બેન આવીને સમજાવે છે કે ગમે તે વસ્તુ ખરીદો ત્યારે તારીખ જોવી, અનાજ સારું છે કે નહીં તે જોવું, પેકિંગ બરાબર છે કે નહીં તે જોવું. અમે બાળકોને લેવા તેના ઘરે જઇએ ત્યારે તેમના ઘરે પણ આ બધું કહીએ છીએ. આરતીબેન પંચાળા આંગણવાડી વર્કર છે. તેમણે ઓનલાઇન ઓર્ડર આપીને મગાવેલા ટી-શર્ટનો કિસ્સો કહ્યો. 'મેં ઓનલાઇન એક ટી-શર્ટ મંગાવ્યું હતું. જેમાં XLના બદલે XXLની સાઇઝ આવી ગઇ હતી. જેથી તે બિનઉપયોગી બની ગયું હતું. આ અંગે અમે જ્યારે દીપાલીબેનને કહ્યું ત્યારે તેમણે ટી-શર્ટ પાછું આપવાની રીત કહી. જે પ્રમાણે અમે રિટર્ન કર્યું એટલે પૈસા પાછા મળી ગયા.' આંગણવાડી કાર્યકરોને મળ્યાં બાદ અમે હંસાબેન નામના એક ગૃહિણીને મળ્યાં. તેમણે પોતાના પડોશી કેવી રીતે ઠગાઇનો શિકાર બન્યાં તેની વાત કહી.

## આનંદદાયી માહોલમાં તળાદ વિભાગ માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે ફૂડ એન્ડ ફન ફેરનું આયોજન



**સુરત, તા. 13**

સુરત-ઓલપાડ રોડ સ્થિત તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદમાં ધોરણ 1 થી 12 નાં વિદ્યાર્થીઓ માટે શાળા પટાંગણમાં ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રાકેશભાઈ મોદી, કેતનભાઇ પટેલ તથા પ્રિયકાંતભાઈ મોદીનાં હસ્તે ફનફેરને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ફનફેરમાં વિદ્યાર્થીઓને રસ પડે, મજા પડે એવાં કોલમ્બસ, આગગાડી, જમ્પિંગ ઝુલા જેવાં અવનવા રાઈડસ પણ મૂકવામાં આવ્યા હતાં. જેમાં ખૂબ જ હોંશેહોંશે વિદ્યાર્થીઓએ, ખાસ કરીને નાના ભૂલકાઓએ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાનાં ઘરેથી બનાવી લાવેલ વિવિધ પ્રકારની વાનગીઓનો રસાસ્વાદ ઘણી મોટી સંખ્યામાં પધારેલા વાલીજનો તથા શાળા પરિવારે માણ્યો હતો. કાર્યક્રમમાં સહર્ષ સહભાગી થયેલ વાલીજનોનો સમગ્ર શાળા પરિવાર તેમજ સ્થાનિક કેળવણી મંડળે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શાળા સ્ટાફગણ, સ્થાનિક કેળવણી મંડળનાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિત તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કિશોરીઓના આરોગ્ય અને સશક્તીકરણ માટે કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય, બાવળા ખાતે કિશોરી મેળાનું સફળ આયોજન





**અમદાવાદ, તા. 13**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમદાવાદ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV), રજોડા, બાવળા ખાતે કિશોરીઓના આરોગ્ય અને સશક્તીકરણ માટે એક દિવસીય કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિશોરી મેળાનો મુખ્ય ઉદ્દેશ કિશોરીઓને શારીરિક, માનસિક અને સામાજિક રીતે સશક્ત બનાવવાનો હતો. આ હેતુસર, બાવળા તાલુકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં કિશોરીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી જેમાં હિમોગ્લોબિનની ચકાસણી, વજન અને ઊંચાઈની માપણી કરાઈ હતી. વધુમાં, પોષણ અને સ્વચ્છતા અંતર્ગત સંતુલિત પોષણનું મહત્વ, માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, માનસિક સ્વાસ્થ્ય અને તણાવ વ્યવસ્થાપન વિષે જાગૃતિ લાવવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ-હબ ફોર એમ્પાવરમેન્ટ ટીમ દ્વારા જણાવાયું હતું કે, આવા મેળાઓ કિશોરીઓને આરોગ્ય અંગે સંવેદનશીલ બનાવવા માટેની તક પૂરી પાડે છે. સંકલ્પ-હબ દ્વારા કિશોરીઓને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત વિવિધ મહિલા કલ્યાણકારી અને સુરક્ષા સંબંધિત યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમના સામાજિક કાર્યકર શ્રીમતી ભૂમિકાબહેન મકવાણા દ્વારા બાળકોને રક્ષણ અને સુરક્ષા આપતા કાયદાઓ અને યોજનાઓની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે, સમાજમાં જાગૃતિ લાવવાના ભાગરૂપે 'બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ઉપસ્થિત સૌને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ મેળામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, રજોડામાં અભ્યાસ કરતી કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જિલ્લા બાળ સુરક્ષા એકમના સામાજિક કાર્યકર શ્રીમતી ભૂમિકાબહેન મકવાણા દ્વારા બાળકોને રક્ષણ અને સુરક્ષા આપતા કાયદાઓ અને યોજનાઓની વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે, સમાજમાં જાગૃતિ લાવવાના ભાગરૂપે 'બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ઉપસ્થિત સૌને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ મેળામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, રજોડામાં અભ્યાસ કરતી કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અમદાવાદ વિમાન દુર્ઘટના, હરણી દુર્ઘટના જેવી વિવિધ સંકટની ઘડીમાં લભાર્થીના પરિવારોને ઝડપથી વીમા કવચની ચૂકવણી કરાઈ

**નડિયાદ, તા. 13**

જીવનની અનિશ્ચિતતાઓ સામે ગુજરાત સરકારે સંવેદનશીલતા સાથે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજ્યના લાખો પરિવારોને મજબૂત ઢાલ પૂરી પાડી છે. આ યોજના થકી રાજ્ય સરકારે સાબિત કર્યું છે કે, સંકટની ઘડીમાં નાગરિકો એકલા નથી, પરંતુ સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ સંકટની ઘડીમાં પરિવારો માટે ઝડપથી વીમા કવચની ચૂકવણી કરવામાં આવી રહી છે. હાલમાં રાજ્યના ૪.૧૨ કરોડથી વધુ નાગરીકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના અકસ્માત-મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે, જે જનતા પ્રત્યે સરકારની સંવેદનશીલતા દર્શાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ અકસ્માત યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નક્કી કરી રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરી દ્વારા સંકલિત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અમલી બનાવાઈ હતી. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીને વીમા કવચ મળવાથી અકસ્માત-મૃત્યુ સામે તેમના પરિવારજનોને આર્થિક રક્ષણ મળી રહ્યું છે. આ યોજના અંતર્ગત અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૦થી વધુ મૃતકો સહિત ૪ મેડીકલના વિદ્યાર્થીઓના વારસદારોને ચુકવણું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડોદરા ખાતે હરણી દુર્ઘટના વખતે મૃત્યુ પામેલ ૧૨ બાળકોના વારસદારોને પણ ત્વરિત ચુકવણું કરાયું હતું. તાજેતરના વર્ષોમાં મોરબી દુર્ઘટના, રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના, તક્ષશીલા દુર્ઘટના વખતે પણ મૃતકોના પરિવારોને આ યોજના હેઠળ વીમા કવચ રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

## વિરમગામ સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ : યાત્રીઓ માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં એક મોટું પગલું

### 2000 ચોરસ ફીટનોં વિશાળ કોન્કોર્સ, 5000 ચોરસ ફીટનું પાર્કિંગ ક્ષેત્ર અને 1460 ચોરસ ફીટના ડિલક્સ પ્રતીક્ષાલયનો થશે સમાવેશ

**અમદાવાદ, તા. 13**

ભારતીય રેલવેમાં 1300 થી વધુ રેલવે સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે, 160 સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેમાં ગુજરાતના 87 સ્ટેશન સામેલ છે. માનનીય વડાપ્રધાને આ જ વર્ષે મે મહિનામાં બીકાનેરથી 103 પુનઃવિકસિત અમૃત સ્ટેશનોનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું. જેમાં સામાખ્યાલી સહિત ગુજરાતના 18 સ્ટેશન સામેલ છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું વિરમગામ સ્ટેશન એક મહત્વપૂર્ણ સ્ટેશન છે. વિરમગામ રેલવે સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ 46.13 કરોડના ખર્ચે ઝડપથી કરવામાં આવી રહ્યો છે. વર્તમાનમાં વિરમગામ સ્ટેશન પર 50 થી વધુ ટ્રેનો રોકાય છે. અહીંથી દરરોજ લગભગ 7000 યાત્રી અવરજવર કરે છે. આને આગળના 45-50 વર્ષના યાત્રી ઘસારાને ધ્યાનમાં રાખીને પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. વિરમગામ સ્ટેશન પર 40 ફીટ પહોળો ફુટ ઓવર બ્રિજ પણ બનાવવામાં આવી રહ્યો છે જે પ્લેટફોર્મો વચ્ચે સુરક્ષિત અને નિર્વિરોધ અવરજવર સુનિશ્ચિત કરશે.

આ સ્ટેશન અમદાવાદ-વિરમગામ, વિરમગામ-સુરેન્દ્રનગર, વિરમગામ-મહેસાણા અને વિરમગામ-ધ્રાંગધ્રા-સામાખ્યાલી આ ચાર રેલવે માર્ગોના જંકશન પર આવેલું છે. અહીં ગેટવે ડિસ્ટ્રીપાર્ક્સ દ્વારા ઈનલેન્ડ કન્ટેનર ડિપો સુવિધા પણ ઉપલબ્ધ છે. જૂન 2023 માં વિરમગામથી મુન્દ્રા પોર્ટ સુધી ડબલ-સ્ટેક રેલવે પરિવહન સેવાઓ શરૂ કરી, જેનો ઉદ્દેશ આપણા આયાત-નિકાસ (EXIM) વેપાર ગ્રાહકો માટે પરિચાલન કુશળતા વધારવાનો અને લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાનો છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન (ક્ષેત્ર/આકાર):

4400 ચોરસ ફીટની વિશાળ સ્ટેશન બિલ્ડીંગ યાત્રીઓને આધુનિક અને સુવ્યવસ્થિત સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે.

20-20 ફીટ પહોળા પ્રવેશ/નિકાસ દ્વાર યાત્રીઓની અવરજવરને સુગમ બનાવશે.

5000 ચોરસ ફીટનું પાર્કિંગ ક્ષેત્ર વધુ વાહનોને સમાયોજિત કરશે.

13 ફીટ પહોળી પિક-અપ/ડ્રોપ-ઑફ લેન વાહનોની અવરજવર વ્યવસ્થાને ઉત્તમ બનાવશે.

2200 ચોરસ ફીટનો પોર્ચ યાત્રીઓને ઋતુઓથી સુરક્ષા અને આરામદાયક પ્રવેશ ઉપલબ્ધ કરાવશે.

2000 ચોરસ ફીટનો વિશાળ કોન્કોર્સ યાત્રીઓને વધુ વિશાળ અને આરામદાયક સ્થાન ઉપલબ્ધ કરાવશે.

પ્લેટફોર્મો પર લિફ્ટ અને એસ્કેલેટર્સની જોગવાઈ

પ્લેટફોર્મ નં. 2 અને 3 ની લંબાઈમાં 100 ફીટ સુધીનું વિસ્તરણ

336 ચોરસ ફીટનું પ્રતીક્ષાલય બેસવા અને વિશ્રામ કરવા માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ કરાવશે.

570 ચોરસ ફીટનો કેફેટેરિયા ચોખ્ખા અને સુવિધાજનક ભોજનનો વિકલ્પ ઉપલબ્ધ કરાવશે.

730 ચોરસ ફીટના ડિલક્સ એસી અને નૉન-એસી પ્રતીક્ષાલય શાંત અને આરામદાયક વાતાવરણમાં પ્રતીક્ષાની સુવિધા આપશે.

પ્લેટફોર્મ 1 થી 5 સુધી 38000 ચોરસ ફીટ ક્ષેત્રમાં કવર શેડ યાત્રીઓને ઋતુઓથી સુરક્ષા અપાવશે.

430 ચોરસ ફીટનો શૌચાલય બ્લોક સ્વચ્છતા અને સુવિધાને વધુ બહેતર બનાવશે.

દિવ્યાંગજન માટે 03 સમર્પિત પાર્કિંગ સ્લૉટ તેમની પહોચ અને સુવિધાને વધુ બહેતર બનાવશે.

આ પરિયોજના હેઠળ હોમ પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે, જેનાથી ભીડભાડના સમયે યાત્રીઓની અવરજવર અધિક સુગમ થશે અને થોભવા-રોકાવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ થશે. નવી આધુનિક સ્ટેશન બિલ્ડીંગ અપગ્રેડેડ ટિકિટીંગ સુવિધાઓ, વિશાળ પ્રતીક્ષાલયો અને અતિઆધુનિક સેવાઓની સાથે યાત્રીઓને બહેતર અને સહજ અનુભવ આપશે. પ્લેટફોર્મ પર બની રહેલું નવું કવર શેડ યાત્રીઓને તડકો, વરસાદ અને અન્ય ઋતુકિય અસરોથી સુરક્ષા આપશે, જેનાથી પ્રતીક્ષા અનુભવ વધુ આરામદાયક થશે.

વિશાળ સર્ક્યુલેટિંગ વિસ્તારના વિકાસથી સ્ટેશન સંકુલમાં વાહનોની અવરજવર વધુ સુવ્યવસ્થિત થશે, જેનાથી સ્ટેશન સુધી પહોંચવા અને બહાર નીકળવાની સુવિધામાં સુધારો થશે. અપગ્રેડેડ પ્રતીક્ષાલય બહેતર બેસવાની સુવિધા, યોગ્ય વેન્ટિલેશન અને શાંત વાતાવરણ ઉપલબ્ધ કરાવશે, જેનાથી યાત્રી અનુભવ વધુ સુખદ બનશે.

આ પુનઃવિકાસ માત્ર યાત્રીઓ પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ સ્થાનિક વેપાર, વ્યવસાય અને ઉદ્યોગો માટે પણ અત્યંત લાભકારક સિદ્ધ થશે. બહેતર સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લોજિસ્ટિક્સ અને માલ લોડિંગની પ્રક્રિયાઓ સુગમ થશે, જેનાથી ઔદ્યોગિક ક્ષેત્રોને તાત્કાલિક પરિવહન સુવિધા મળશે. સ્ટેશનની બહેતર પહોચ અને આધુનિક સુવિધાઓ આસપાસના બજારો, હોટલો, દુકાનો અને પરિવહન સેવાઓને આર્થિક રૂપે સશક્ત બનાવશે. સમગ્રપણે આ પરિયોજના વિરમગામ અને આસપાસના વિસ્તારોના વિકાસ, રોજગાર અને નવા અવસરોનો માર્ગ ખોલશે, જેનાથી ક્ષેત્રીય આર્થિક પ્રવૃત્તિઓને મહત્વપૂર્ણ ગતિ પ્રાપ્ત થશે.

## ફીટ ઈન્ડિયા અને સ્વદેશી અપનાવો અભિયાનની જાગૃતિ હેતુ નડિયાદ ખાતે યોજાઈ સ્વદેશી સાયકલોથોન

1. ખેતા તળાવથી વાણીયાવાડ સર્કલ, ડી માર્ટ થયી સુરજબા સરોવર, ઉત્તરસંડા, ત્યાંથી પરત ખેતા તળાવ સુધી ૯ કિમીની સાયકલોથોનનું સુંદર આયોજન
2. સાયકલવીરોએ આપ્યો સ્વદેશી અપનાવો અને લોકલ ફોર વોકલનો સંદેશ
3. મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકી ૯ કિમી સાયકલ ચલાવીને બન્યા મેદસ્વિતા મુક્ત નડિયાદની પ્રેરણા
4. પ્રત્યેક સહભાગી સાયકલવીરોનું મોમેન્ટો આપી કરવામાં આવ્યું સન્માન

**નડિયાદ, તા. 13**

ફિટ ઈન્ડિયા અને સ્વદેશી અપનાવો અભિયાન અંગે નડિયાદ નગરજનોમાં જાગૃતિ આવે અને શહેરીજનો તંદુરસ્ત જીવન તરફ આગળ વધે તેવા ઉદ્દેશ્યથી નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ ડિસેમ્બર શનિવારના રોજ ખેતા તળાવ નડિયાદ થી સવારે ૮:૦૦ કલાકે મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ.સોલંકીની પ્રેરણાદાયી આગેવાનીમાં સાયકલવીરો સ્વદેશી અપનાવોના સંદેશ સાથે નિકળ્યા. સાયકલવીરોએ તેમની સાયકલ પર સ્વદેશી અપનાવવાની હાકલ કરતા સૂત્રો લગાવ્યા હતા. તેમણે ખેતા તળાવથી શરૂ થઈ વાણીયાવાડ સર્કલ થયી કોલેજ રોડ પર ડી માર્ટ થી છેક સુરજબા સરોવર, ઉત્તરસંડા અને ત્યાંથી પરત ખેતા તળાવ સુધી ૯ કિમીનું અંતર કાપ્યું હતું. એસ.આર.પી જવાનો, પત્રકારો, મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના કર્મયોગીઓ, સાયકલ પ્રેમીઓ અને શાળા કોલેજના વિદ્યાર્થીઓએ ઉમળકાભેર સાયકલ ચલાવી મેદસ્વિતા મુક્ત નડિયાદ બનાવવા પ્રેરણા આપી હતી. સાયકલ રેલી દરમિયાન ટ્રાફિક નિયમનનું પાલન કરતાં ત્રણની હરોળ બનાવવામાં આવી હતી. આ પ્રસંગે સાયકલ વીરો માટે એનર્જી ડ્રિંક અને મેડિકલ ટીમની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ તકે મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અને સ્વદેશી અપનાવો મુહિમની જાગૃતિ હેતુ નડિયાદ શહેરીજનો માટે સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભિન્ન સમુદાય અને વય જૂથના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગીદારી નોંધાવી હતી. આ રીતે નડિયાદને સ્વચ્છ અને સુંદર બનાવવા સૌ નગરજનોને ફિટ રહેવા કમિશનરશ્રીએ અપીલ કરી હતી. સાયકલોથોનમાં સહભાગી બનવાનો આનંદ વ્યક્ત કરતા ગાયનોકોલોજિસ્ટ ડોક્ટર ઉમેશ શાહે જણાવ્યું હતું કે સાયકલ ચલાવવાથી નાના-મોટા રોગોથી મુક્તિ મળે છે. અન્ય સાયકલવીર શ્રી કાવ્ય મકવાણાએ કહ્યું હતું કે તેને આજે સાઈકલ ચલાવવાની ખૂબ જ મજા પડી. કાવ્યાએ અન્ય યુવાનોને પણ આ પ્રકારના પ્રયાસોમાં સહભાગી બની તંદુરસ્ત જીવન અપનાવવા અપીલ કરી હતી. આ અવસરે ડેપ્યુટી કમિશનર શ્રી આનંદ ઉકાણી, શ્રી રુદ્રેશ હુદડ, સિવિલ સર્જન ડો. કવિતાબેન, રમત ગમત અધિકારી શ્રી લક્ષ્મણસિંહ, રમત વિકાસ અધિકારીશ્રી મનસુખભાઈ સહિત અન્ય મહાનુભાવો, અગ્રણીઓ અને પ્રબુદ્ધ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈ-સેન્સસ - વસ્તી ગણતરીનું ડિજિટલ ભાવિ

# ભારતની વસ્તી ગણતરી: ડિજિટલ ક્રાંતિ તરફ પ્રયાણ

**ગાંધીનગર, તા. 13**

કેન્દ્ર સરકારે તાજેતરમાં વસ્તી ગણતરી પ્રક્રિયાની જાહેરાત કરીને દેશના વિકાસના આયોજન માટે એક મહત્ત્વનું પગલું ભર્યું છે. આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે સમગ્ર દેશ ડિજિટલ ઈન્ડિયાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યો છે. વસ્તી ગણતરી એ માત્ર આંકડા એકઠા કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે દેશના સામાજિક-આર્થિક માળખાને સમજવા, વસ્તીવધારાના હકારાત્મક નિયંત્રણ અને ગરીબી કે બેરોજગારી જેવા નકારાત્મક અસરો અંગે વિચાર-વિમર્શ કરીને ભવિષ્યની નીતિઓ ઘડવા માટેનો આધારસ્તંભ છે. આ વખતે, પરંપરાગત પદ્ધતિની સાથે સાથે, સરકારે ઈ-સેન્સસ (e-Census) એટલે કે વસ્તી ગણતરીને ડિજિટલ સ્વરૂપ આપવાની દિશામાં પણ ગતિવિધિ તેજ કરી છે. ભારતના વિશાળ જનસમુદાયની સચોટ વિગતો મેળવવા માટે આ ડિજિટલ અભિગમ કેવી રીતે ક્રાંતિકારી સાબિત થશે, તે જાણવું રસપ્રદ છે.

ઈ-સેન્સસ વડે વસ્તી ગણતરીનું ભાવિ

વસ્તી ગણતરી એ સરકાર માટે એક વિશાળ કવાયત છે. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં સરકાર દ્વારા વસ્તી ગણતરી કેવી રીતે કરવામાં આવે છે અને કયાં પરિબળો ધ્યાનમાં રખાય છે, તે અંગે વિચારવું સ્વાભાવિક છે. ભારત સરકાર આવનારા સમયમાં ઈ-સેન્સસના માધ્યમથી વસ્તી ગણતરી કરવાની દિશામાં આગળ વધી રહી છે. તો ચાલો, વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિ અને તેના ભાવિ સ્વરૂપ એવા ઈ-સેન્સસ વિશે વિગતે સમજીએ.

કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી જાણકારી મુજબ, 30 લાખ જેટલા કર્મચારીઓ વસ્તી ગણતરીના કાર્યોના સંચાલનમાં ભાગ લેશે. કર્મચારી પોતપોતાના ક્ષેત્રોમાં ઘરેઘરે જઈને જાણકારી એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિ

વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિમાં ગણતરીકારો દ્વારા ડોર-ટુ-ડોર સર્વે અથવા પ્રત્યક્ષ મુલાકાત દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. આ સર્વેમાં વ્યક્તિનું નામ, ઉંમર, પરિવારના સભ્યો, શિક્ષણ, વ્યવસાય, અને આવક સહિતની વિગતો પૂછવામાં આવે છે. આ માહિતી વિવિધ સવાલો ધરાવતા કાગળ આધારિત ફોર્મમાં ભરવામાં આવે છે.

ભારતમાં આ પદ્ધતિથી છેલ્લે 2011 સુધી દર 10 વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવી છે. આ માહિતી મેળવ્યા બાદ, તમામ ફોર્મ્સને ઝોન વાઈસ ડેટા પ્રોસેસિંગ સેન્ટરોને મોકલીને ત્યાં આ વિગતોને સોફ્ટવેરમાં ફીડ (ડિજિટાઈઝ) કરવામાં આવે છે, જે એક સમય માંગી લેનારી પ્રક્રિયા છે.

ઈ-સેન્સસ: ડિજિટલ વસ્તી ગણતરી

આવનારા વર્ષોમાં ભારતમાં વસ્તી ગણતરીને પરંપરાગત પદ્ધતિમાંથી ઈ-સેન્સસ તરફ વાળવાનું લક્ષ્યાંક છે. 2027ની વસ્તી ગણતરી ભારતની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી બનશે. આ પહેલીવાર હશે જ્યારે દેશભરમાં આટલી મોટી સંખ્યામાં ડિજિટલ સેન્સસને લાગુ કરવામાં આવશે.

ઈ-સેન્સસ, તેના નામ પ્રમાણે જ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ જેમ કે મોબાઈલ કે ટેબલેટ જેવાં ઉપકરણો વડે કરવામાં આવશે. આ પદ્ધતિમાં કાગળ આધારિત દસ્તાવેજો કે ફોર્મની જરૂર પડશે નહીં.

વસ્તી ગણતરીનો ડેટા એકત્ર કરવા માટે Android અને iOS બંને પ્લેટફોર્મ સાથે સુસંગત મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવશે. વસ્તી ગણતરીમાં ઉપયોગમાં લેવાનારા સોફ્ટવેર પણ નવા સ્વરૂપમાં વિકસિત કરવામાં આવશે, જેથી આંકડાઓની સુરક્ષા અને ઝડપથી તેને પ્રોસેસ કરી શકાશે.

સરકારે જણાવ્યું છે કે વસ્તી ગણતરી ડિજિટલ ડિઝાઈન ખાસ કરીને ડેટા સુરક્ષાની ગોપનીયતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. લોકોની વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખવા માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે.

ઈ-સેન્સસના મુખ્ય ફાયદાઓ

પરંપરાગત પદ્ધતિની સરખામણીમાં ઈ-સેન્સસ પદ્ધતિ અનેક મહત્ત્વપૂર્ણ લાભો પ્રદાન કરે છે, જે ગુડ ગવર્નન્સ માટે પાયાનું કામ કરશે:

વધુ સચોટ અને સમયસર વિગતો: ડેટા કલેક્શન અને પ્રોસેસિંગની પ્રક્રિયા ઝડપી બનતા સચોટ માહિતી સમયસર પ્રાપ્ત થશે.

પોલીસી મેકિંગમાં ઉપયોગીતા: ઝડપથી પ્રોસેસ થયેલો ડેટા સરકારને કલ્યાણકારી યોજનાઓ અને નીતિઓ (Policy Making) ઘડવામાં તાત્કાલિક ઉપયોગી બનશે.

સંસાધનોની બચત: કાગળ આધારિત દસ્તાવેજીકરણમાંથી છુટકારો મળતા માનવબળ અને અન્ય સંસાધનોની જરૂરિયાત ઘટશે.

ઝંઝટમુક્ત સંચાલન: સરકારી દસ્તાવેજો ઓછા થશે અને તેમને સાચવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

યોજનાઓમાં સરળતા: દેશના નાગરિકોની સચોટ ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક વિગતો ઉપલબ્ધ થતાં સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં સરળતા રહેશે.

ભાવિ પ્રયાણ: ડિજિટાઈઝેશન તરફનું પગલું

સમગ્ર ડિજિટલ વસ્તી ગણતરી પ્રક્રિયાને વાસ્તવિક સમયમાં સંચાલિત કરવા અને તેની દેખરેખ રાખવા માટે સેન્ટ્રલ સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CMMS) પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, વધુ સારા આયોજન અને દેખરેખ માટે, ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા હાઉસલિસ્ટીંગ બ્લોક (HLB) ક્રિએટર વેબ મેપ એપ્લિકેશનનો પણ ઉપયોગ કરવામાં આવશે.

શરૂઆતમાં, આ પરિવર્તનને સરળ બનાવવા માટે પરંપરાગત વસ્તી ગણતરી પદ્ધતિની સાથે સાથે ઈ-સેન્સસનો સંકલિત પ્રયોગ (Pilot Project) કરવામાં આવી શકે છે. એટલે કે, અમુક વિસ્તારોમાં ડેટા ઈ-સેન્સસના માધ્યમથી લેવામાં આવે, જ્યારે બાકીના ભાગોમાં પરંપરાગત રીતે ફોર્મ ભરીને વિગતો મેળવવામાં આવે. ત્યારબાદ, ધીમે ધીમે ઈ-સેન્સસનો વ્યાપ વધારવામાં આવશે.સમગ્ર ડિજિટલ વસ્તી ગણતરી પ્રક્રિયાને વાસ્તવિક સમયમાં સંચાલિત કરવા અને તેની દેખરેખ રાખવા માટે સેન્ટ્રલ સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ (CMMS) પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, વધુ સારા આયોજન અને દેખરેખ માટે, ઈન્ચાર્જ અધિકારીઓ દ્વારા હાઉસલિસ્ટીંગ બ્લોક (HLB) ક્રિએટર વેબ મેપ એપ્લિકેશનનો પણ ઉપયોગ કરવામાં આવશે.

શરૂઆતમાં, આ પરિવર્તનને સરળ બનાવવા માટે પરંપરાગત વસ્તી ગણતરી પદ્ધતિની સાથે સાથે ઈ-સેન્સસનો સંકલિત પ્રયોગ (Pilot Project) કરવામાં આવી શકે છે. એટલે કે, અમુક વિસ્તારોમાં ડેટા ઈ-સેન્સસના માધ્યમથી લેવામાં આવે, જ્યારે બાકીના ભાગોમાં પરંપરાગત રીતે ફોર્મ ભરીને વિગતો મેળવવામાં આવે. ત્યારબાદ, ધીમે ધીમે ઈ-સેન્સસનો વ્યાપ વધારવામાં આવશે.

ડિજિટલાઈઝેશનના આ યુગમાં, ભારત જેવા વિકાસશીલ દેશમાં વસ્તી ગણતરીની ઈ-સેન્સસ પદ્ધતિ ગુડ ગવર્નન્સ અને પોલીસી મેકિંગમાં ખૂબ જ મહત્ત્વની સાબિત થશે અને રાષ્ટ્રના વિકાસને નવી દિશાઆપશે. ડિજિટલાઈઝેશનના આ યુગમાં, ભારત જેવા વિકાસશીલ દેશમાં વસ્તી ગણતરીની ઈ-સેન્સસ પદ્ધતિ ગુડ ગવર્નન્સ અને પોલીસી મેકિંગમાં ખૂબ જ મહત્ત્વની સાબિત થશે અને રાષ્ટ્રના વિકાસને નવી દિશા આપશે.



# ક્રિકેટમાં ફરી એકવાર મેચ ફિક્સિંગનું ભૂત ધણધણ્યું:સૈયદ મુશ્તાક અલી ટુર્નામેન્ટમાં રિયાન પરાગની ટીમના 4 ખેલાડીઓને તાત્કાલિક સસ્પેન્ડ કર્યા

## આસામ ટીમની કેપ્ટનશીપની જવાબદારી IPLમાં રાજસ્થાન રોયલ્સ ટીમની સ્ક્વોડ મહત્ત્વનો ભાગ રિયાન પરાગ સંભાળી રહ્યો હતો. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025માં આસામ ટીમનો પ્રવાસ ગ્રૂપ સ્ટેજની મેચ સાથે જ પૂરો થઈ ગયો,

**મુંબઈ, તા. 13**

ભારતની ડોમેસ્ટિક ક્રિકેટની સૌથી મોટી T20 ટુર્નામેન્ટ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી હાલમાં રમાઈ રહી છે. હાલમાં ગ્રૂપ સ્ટેજની મેચ પૂરી થયા પછી હવે સુપર લીગ સ્ટેજની મેચની શરૂઆત થઈ ચૂકી છે. આ દરમિયાન આસામ ક્રિકેટ એસોસિયેશન (ACA)એ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025ની મેચ દરમિયાન ખેલની ઈમાનદારી પર અસર પહોંચાડવાનો પ્રયાસ કરવાના મામલામાં પોતાના ચાર ખેલાડીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. અમુક મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, આ તમામ ચાર ખેલાડીઓ પર લખનઉમાં રમાયેલી મેચમાં ટીમના અન્ય સભ્યોને પ્રભાવિત કરવાનો આરોપ લાગ્યો હતો, જેની ગંભીરતાને જોતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

નિર્ણય આવે ત્યાં સુધી તમામ ચાર ખેલાડી મેદાનથી દૂર રહેશે

આસામ ક્રિકેટ ટીમના ચાર ખેલાડીઓ અમિત સિન્હા, ઈશાન અહેમદ, અમન ત્રિપાઠી અને અભિષેક ઠાકુરી પર લાગેલા આરોપો પછી BCCIની એન્ટી-કરપ્શન એન્ડ સિક્યુરિટી યુનિટ (ACSU)ની તપાસમાં સામે આવ્યું કે તેમણે ખેલની ઈમાનદારી પર અસર પહોંચાડનારા પગલાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારબાદ જ્યારે આ સમગ્ર મામલો આસામ ક્રિકેટ એસોસિયેશન પાસે પહોંચ્યો, તો તેમણે આમાં કાયદાકીય પગલાં લેવાનો નિર્ણય લીધો અને 12 ડિસેમ્બરના રોજ ગુવાહાટીની ક્રાઈમ બ્રાન્ચમાં FIR દાખલ કરાવી.

SMATમાં આ વર્ષે આસામ ટીમનું પરફોર્મન્સ ખૂબ જ ખરાબ રહ્યું છે.

આસામ ક્રિકેટ એસોસિયેશન તરફથી આ મામલાને લઈને જાહેર કરવામાં આવેલા નિવેદનમાં તેમણે જણાવ્યું કે ઉપર દર્શાવેલા ચાર ખેલાડીઓ, જેમણે અલગ-અલગ સ્ટેજ પર આસામ ટીમ તરફથી રમ્યા છે, તેમના પર આરોપ છે કે તેમણે 26 નવેમ્બરથી 8 ડિસેમ્બર સુધી લખનઉમાં થયેલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025માં ભાગ લેનારા આસામ ટીમના કેટલાક વર્તમાન ખેલાડીઓને પ્રભાવિત કરવા અને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો.

ગ્રૂપ સ્ટેજમાં આસામ ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025માં આસામ ટીમનો પ્રવાસ ગ્રૂપ સ્ટેજની મેચ સાથે જ પૂરો થઈ ગયો, જેમાં તેમનું પ્રદર્શન ઘણું ખરાબ જોવા મળ્યું. એલાઈટ ગ્રૂપ-Aનો હિસ્સો રહેલી આસામે 7 મેચ રમતા માત્ર ત્રણ મુકાબલા જીતી શકી અને ચાર મેચમાં તેમને હારનો સામનો કરવો પડ્યો. 12 પોઈન્ટ્સ સાથે આસામની ટીમ પોતાના ગ્રૂપના પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને રહી. આસામ ટીમની કેપ્ટનશીપની જવાબદારી IPLમાં રાજસ્થાન રોયલ્સ ટીમની સ્ક્વોડ મહત્ત્વનો ભાગ રિયાન પરાગ સંભાળી રહ્યો હતો. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025માં આસામ ટીમનો પ્રવાસ ગ્રૂપ સ્ટેજની મેચ સાથે જ પૂરો થઈ ગયો, જેમાં તેમનું પ્રદર્શન ઘણું ખરાબ જોવા મળ્યું. એલાઈટ ગ્રૂપ-Aનો હિસ્સો રહેલી આસામે 7 મેચ રમતા માત્ર ત્રણ મુકાબલા જીતી શકી અને ચાર મેચમાં તેમને હારનો સામનો કરવો પડ્યો. 12 પોઈન્ટ્સ સાથે આસામની ટીમ પોતાના ગ્રૂપના પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને રહી. આસામ ટીમની કેપ્ટનશીપની જવાબદારી IPLમાં રાજસ્થાન રોયલ્સ ટીમની સ્ક્વોડ મહત્ત્વનો ભાગ રિયાન પરાગ સંભાળી રહ્યો હતો.

# ક્રિકેટ પછી કોહલીનો હવે બિઝનેસમાં દબદબો વધ્યો:પોતાની બ્રાન્ડ વેચીને એજિલિટાસ સ્પોર્ટ્સમાં 40 કરોડનું રોકાણ કરશે

**દિલ્હી, તા. 13**

ક્રિકેટ જગતનો કિંગ ક્રિકેટમાં તો પરફોર્મ કરી જ રહ્યો છે. સાથે સાથે હવે તે બિઝનેસમાં પણ પોતાની બાદશાહત વધારવા આગળ વધી રહ્યો છે. વિરાટ કોહલીએ પોતાના સ્પોર્ટ્સવેર અને એથ્લીઝર બ્રાન્ડ one8 ને એજિલિટાસ સ્પોર્ટ્સ (Agilitas Sports)ને વેચવાનો નિર્ણય કર્યો છે. સાથે જ, તે એજિલિટાસ સ્પોર્ટ્સમાં 40 કરોડનું રોકાણ કરીને એક નાની હિસ્સેદારી પણ ખરીદી રહ્યો છે. આ ડીલ વિરાટ કોહલી માટે એક નવી સફરની શરૂઆત છે, જ્યાં તેની બ્રાન્ડ one8 હવે એક સ્વતંત્ર ગ્લોબલ સ્પોર્ટ્સ બ્રાન્ડ તરીકે કામ કરશે. એજિલિટાસ સ્પોર્ટ્સ પહેલાથી જ સ્પોર્ટ્સ ફૂટવેર મેન્યુફેક્ચરિંગ અને લાઈસન્સિંગમાં એક્ટિવ છે.

# મુશ્તાક અલી ટ્રોફીમાં નીતિશ રેડ્ડીની હેટ્રિક:છતાં તેની ટીમ સામે મધ્યપ્રદેશ જીતી ગયું; 236 રનના ટાર્ગેટને ઝારખંડે ચેઝ કરી લીધો

- **આંધ્રની ખરાબ શરૂઆત, 7 બેટર્સ દસના આંકડા સુધી પહોંચી શક્યા નહીં ટોસ હારીને બેટિંગ કરી રહેલા આંધ્ર પ્રદેશની શરૂઆત ખરાબ રહી.**

**દિલ્હી, તા. 13**



ભારતીય ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ શુક્રવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મધ્યપ્રદેશ સામે હેટ્રિક લીધી. તેમ છતાં મધ્યપ્રદેશે આ મેચ 4 વિકેટે જીતી લીધી. DY પાટીલ એકેડમીમાં રમાયેલી મેચમાં મધ્યપ્રદેશે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આંધ્ર પ્રદેશની ટીમ 19.1 ઓવરમાં 112 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ. મધ્યપ્રદેશે 113 રનનો ટાર્ગેટ 17.3 ઓવરમાં 6 વિકેટે ચેઝ કરી લીધો. મધ્યપ્રદેશ તરફથી રિષભ ચૌહાણે 47 અને રાહુલ બાથમ અણનમ 35 રનની ઈનિંગ રમી. 23 રન આપીને ચાર વિકેટ લેનાર શિવમ શુક્લા પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. MP સુપર લીગ પોઈન્ટ્સ ટેબલના ટોચ પર આ જીત બાદ મધ્યપ્રદેશની ટીમ ગ્રુપ Aના સુપર લીગ પોઈન્ટ્સ ટેબલના ટોચ પર આવી ગઈ છે. ટીમે પહેલી જ મેચ જીતીને 4 અંક મેળવી લીધા છે. જ્યારે આંધ્રપ્રદેશની ટીમ બીજા સ્થાને છે. ગ્રુપ Bમાં હરિયાણાએ રાજસ્થાનને 7 વિકેટે હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું છે.

આંધ્રની ખરાબ શરૂઆત, 7 બેટર્સ દસના આંકડા સુધી પહોંચી શક્યા નહીં ટોસ હારીને બેટિંગ કરી રહેલા આંધ્ર પ્રદેશની શરૂઆત ખરાબ રહી. ટીમે 7 રનના સ્કોર પર બે વિકેટ ગુમાવી દીધી હતી. અશ્વિન હેબર અને શેખ રશીદ ખાતું ખોલી શક્યા નહીં. બંનેને ત્રિપુરેશ સિંહે પેવેલિયન ભેગા કર્યા. શરૂઆતની 13 બોલ પર 2 વિકેટ ગુમાવ્યા બાદ શ્રીકર ભરત અને નીતિશ કુમાર રેડ્ડીએ ઈનિંગ્સ સંભાળી. બંનેએ 50 રન જ જોડ્યા હતા કે વેંકટેશ અય્યરે ભરતને કૉટ આઉટ અને બોલ્ડ કર્યો. તે 39 રન બનાવીને આઉટ થયો.

# 14 સિક્સ, 95 બોલમાં 171 રન...:14 વર્ષનો વૈભવ સૂર્યવંશી આખી ટીમ પર ભારે પડ્યો

## રેકોર્ડ બ્રેક ઈનિંગ રમી; ભારતે યુથ વન-ડેમાં હાઈએસ્ટ સ્કોર બનાવ્યો

**દિલ્હી, તા. 13**

વૈભવ સૂર્યવંશીએ UAE U-19 વિરુદ્ધ 14 છગ્ગા લગાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેણે શુક્રવારે દુબઈમાં રમાયેલા U-19 એશિયા કપ મેચમાં 95 બોલમાં 171 રન બનાવ્યા. આ ઈનિંગ્સમાં વૈભવે 14 છગ્ગા અને 9 ચોગ્ગાની મદદથી 180ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. આની સાથે જ, તે યુથ વન-ડેમાં સૌથી વધુ છગ્ગા લગાવનારો બેટર બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયાના માઈકલ હિલનો 2008માં બનેલો 12 છગ્ગાનો રેકોર્ડ તોડી નાખ્યો. 14 વર્ષના વૈભવે માત્ર 56 બોલમાં સદી પૂરી કરી. તેની બેટિંગના દમ પર ભારતે યુથ વન-ડેમાં પોતાનો હાઈએસ્ટ સ્કોર બનાવ્યો. ટીમે 433 રન બનાવ્યા. ટીમનો અગાઉનો રેકોર્ડ 425 રનનો હતો, જે ગયા વર્ષે સ્કોટલેન્ડ સામે બનાવ્યો હતો. વૈભવ ઉપરાંત, એરોન જ્યોર્જ અને વિહાન મલ્હોત્રાએ 69-69 રન બનાવ્યા.

ભારતે મેચ 234 રનથી જીતી લીધી. 434 રનના વિશાળ ટાર્ગેટને ચેઝ કરતી UAEની ટીમ 50 ઓવર રમીને 7 વિકેટે માત્ર 199 રન જ બનાવી શકી. UAE તરફથી બે બેટર્સે ફિફ્ટી ફટકારી. ઉદ્દીશ સૂરી 78* રન બનાવીને અણનમ રહ્યો. જ્યારે પૃથ્વી મધુએ 50 રન બનાવ્યા. ભારત તરફથી 9 બોલરોને અજમાવવામાં આવ્યા અને તેમાંથી દીપેશ દેવેન્દ્રન સૌથી સફળ રહ્યો, જેણે 2 વિકેટ ઝડપી હતી. વૈભવ મુશ્તાક અલીમાં સદી ફટકારનાર સૌથી યુવા બેટર વૈભવે 10 દિવસ પહેલા સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ સદી ફટકારી હતી. 14 વર્ષનો વૈભવ ટુર્નામેન્ટમાં સૌથી ઓછી ઉંમરે સદી ફટકારનાર બેટર બન્યો હતો. તેણે 2 ડિસેમ્બરે ઈડન ગાર્ડન્સમાં મહારાષ્ટ્ર સામે 61 બોલમાં અણનમ 108 રન બનાવ્યા હતા, જેમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગાનો સમાવેશ થાય છે.

# મહિમા ચૌધરીએ કહ્યું- 'દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી'માં સામાજિક દબાણ વિરુદ્ધ નૈતિકતાનો જંગ જોવા મળશે

**મુંબઈ, તા. 13**

એક્ટ્રેસ મહિમા ચૌધરીની ફિલ્મ 'દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી' સેકન્ડ ચાન્સની થીમ પર આધારિત છે. આ ફિલ્મમાં સમાજનું દબાણ અને મર્યાદા-નૈતિકતા વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવ્યો છે. તાજેતરમાં દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીત દરમિયાન એક્ટ્રેસે જણાવ્યું કે 'લોકો શું કહેશે' એવી વિચારસરણી આજે પણ આપણને ઘણી વસ્તુઓ કરતા રોકે છે. આવા મુશ્કેલ સમયમાં સત્યનો સામનો કેવી રીતે કરવો, તે વાત ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. પ્રસ્તુત છે મહિમા ચૌધરી સાથેની વાતચીતના કેટલાક મુખ્ય અંશો..

પ્રશ્ન: જ્યારે ફિલ્મ 'દુર્લભ પ્રસાદ કી દૂસરી શાદી'નું પોસ્ટર આવ્યું ત્યારે લોકોને લાગ્યું કે તમે ખરેખર સંજય મિશ્રા સાથે લગ્ન કરી લીધા છે. તમે શું કહેવા માંગશો?

જવાબ: મને ઘણા બધા મેસેજ આવ્યા. મને લાગે છે કે લોકોને ખબર જ નહોતી કે ફિલ્મ બની રહી છે. કોઈને ખબર જ નહોતી. તો જ્યારે તેમણે તે ફોટો જોયો, ત્યારે વિચાર્યું કે આ કોઈ ન્યૂઝ છે, પ્રમોશન નહીં.

સવાલ: ફોટો શૂટના સમયે તમે જે અંદાજમાં પેપરાઝી સાથે વાત કરી રહ્યા હતા અને લોકો મીઠાઈ ખાઈને જઈ રહ્યા હતા, તે સમયે સિચ્યુએશન તો બહુ જ કમાલની હતી. શું કહેવા માંગશો?

જવાબ: ખરેખર તે બહુ નોર્મલ વાત હતી. અમે ફોટોશૂટ કરી રહ્યા હતા, ત્યારે તેમણે કહ્યું, 'બે મિનિટ માટે બહાર આવી જાઓ, તડકામાં ફોટો પડાવી લો.' હું તો આગલા પોસ્ટર માટે ચેન્જ કરવાની હતી.



# 'લોકો શું કહેશે' એ વિચારના ચક્કરમાં ફસાયેલી રહી

# ક્યૂટ રાહાની એરપોર્ટ પર મટરગશ્તી



**મુંબઈ, તા. 13**

'મોરના ઈંડા ચિતરવા ન પડે'... આ કહેવત રાહા કપૂર પર સંપૂર્ણપણે લાગુ પડે છે. 3 વર્ષની રાહામાં મમ્મી આલિયા ભટ્ટ જેવી સુંદરતા અને ક્યુટનેસ તથા ડેડી રણબીર કપૂર જેવી હાઈ-એનર્જી જોવા મળે છે. તાજેતરમાં રાહા મમ્મી-ડેડી સાથે મુંબઈના પ્રાઈવેટ એરપોર્ટ પર જોવા મળી હતી. કોર્ડ-સેટ અને ગોગલ્સમાં રાહાની ક્યૂટનેસ ઓવરલોડ થઈ રહી હતી. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં ચાહકો તેના પર પ્રેમ વરસાવી રહ્યા છે.

તાજેતરમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ મુંબઈના પ્રાઈવેટ કલિના એરપોર્ટ પહોંચ્યાં હતાં. આલિયાએ વ્હાઈટ ટોપ સાથે બેગી ડેનિમ પહેર્યું હતું, જ્યારે રણબીર કપૂરે ઓલિવ ગ્રીન કોર્ડ-સેટ પહેર્યો હતો. બંનેના કેઝ્યુઅલ લુક વચ્ચે દીકરી રાહાએ બાજી મારી લીધી હતી. રાહાએ બેઈજ રંગનો કોર્ડસેટ પહેર્યો હતો. સાથે જ તેણે વ્હાઈટ કલરના ગોગલ્સ પણ પહેર્યાં હતાં. તે કારમાંથી ડેડી રણબીરનો હાથ પકડીને ઉતરી, પણ જેવું રણબીરનું કોઈ કામ માટે ધ્યાન હટ્યું, કે રાહા તરત જ તેનો હાથ છોડાવીને એરપોર્ટની અંદર દોડવા લાગી. તેની નેની અને આલિયાએ તેને પકડવાનો પ્રયાસ કર્યો, પણ તે ગોગલ્સ કાઢીને મસ્તી કરતી કરતી અંદરની તરફ દોડવા લાગી. પરિણામે આલિયાને પણ તેની પાછળ દોડવું પડ્યું. રાહાની મટરગશ્તીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. યુઝર્સ તેના વીડિયો પર ઘણી બધી કોમેન્ટ્સ કરી રહ્યા છે. કેટલાક યુઝર્સ હાર્ટ ઈમોજી મૂકી રહ્યા છે, તો કેટલાક તેને જુનિયર આલિયા ગણાવી રહ્યા છે.

# જૂના વીડિયોએ અક્ષય-કરિશ્માના ડેટિંગની અફવાને નવી હવા આપી

## 'ધુરંધર'ના ડકૈતે કરિશ્માનો હાથ ચૂમીને શાદીની મુબારકબાદી આપી; યૂઝર્સે વીડિયો વાઈરલ કર્યો

**મુંબઈ, તા. 13**

ફિલ્મ 'ધુરંધર' એ અક્ષય ખન્નાના જીવન અને કામ બંનેને લાઈમલાઈટમાં લાવી દીધા છે. અક્ષયે રહેમાન ડાકુ બનીને દર્શકો પર એવો જાદુ ચલાવ્યો છે કે લોકો હવે તેના વિશે વધુ જાણવા માગે છે. આવી સ્થિતિમાં, દર્શકો દાયકાઓ પહેલાના તેમના જૂના વીડિયો, ઈન્ટરવ્યૂ અને ડેટિંગના સમાચારોને શોધી શોધીને બહાર કાઢી રહ્યા છે. આ સમયે અક્ષય ખન્નાનો કરિશ્મા કપૂરના લગ્નનો એક વીડિયો વાયરલ છે. આ વીડિયોમાં કરિશ્મા દુલ્હનના પોશાકમાં જોવા મળી રહી છે.

કરિશ્માને મળવા માટે અક્ષય ખન્ના તેના મોટા ભાઈ રાહુલ ખન્ના સાથે હાજર છે. રાહુલ કરિશ્માને ગળે લગાવીને તેને લગ્નની શુભેચ્છાઓ આપે છે. ત્યારબાદ અક્ષય આગળ વધે છે અને કરિશ્માનો હાથ



ચૂમીને તેમને લગ્નની શુભેચ્છાઓ આપે છે. આ વીડિયોએ અક્ષય અને કરિશ્માના લગ્નને લઈને ફેલાયેલી જૂની અફવાઓને ફરીથી હવા આપી છે. જણાવી દઈએ કે 1990ના દાયકામાં અક્ષય અને કરિશ્માએ સાથે કામ કર્યું હતું. ત્યારે બંનેના ડેટિંગની અફવાઓ હતી. એવા સમાચાર હતા કે અજય દેવગનથી બ્રેકઅપ પછી કરિશ્મા અક્ષયની નજીક આવી ગઈ હતી. કહેવાય છે કે બંનેને એટલો પ્રેમ થઈ ગયો હતો, કે કરિશ્માના પિતા રણધીર કપૂરે અક્ષયના પિતા વિનોદ ખન્ના સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. એવી અફવાઓ છે કે કરિશ્માની માતા બબીતા કપૂર અક્ષય સાથેના તેમના સંબંધોની તરફેણમાં નહોતી, કારણ કે તે સમયે તેમની પુત્રી તેની કારકિર્દીની ટોચ પર હતી. વાર્તામાં ત્યાં એક દાયકા પહેલા થયેલી 'લ્યારી ગેંગવોર'ને દર્શાવવામાં આવી છે. હવે પડોશી દેશ પાકિસ્તાનના લોકોએ 'ધુરંધર'ના ટ્રેલરમાં 'લ્યારી ગેંગવોર' અને પોતાના કસબાને દર્શાવવા પર પ્રતિક્રિયા આપી છે. અક્ષય ખન્નાની 'ધુરંધર' એન્ટ્રી, ઓક્સિજન માસ્ક સાથે શૂટ કર્યું! રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' 5 ડિસેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મ માત્ર બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી રહી નથી.

# 'ધુરંધર' ઈન્ડિયન બોક્સ ઓફિસ પર છવાઈ



**મુંબઈ, તા. 13**

'ધુરંધર'ને રિલીઝ થયાને 8 દિવસ વીતી ચૂક્યા છે અને કમાણીના મામલે ફિલ્મ સતત રેકોર્ડ તોડી રહી છે. માત્ર 8 દિવસમાં જ આ ફિલ્મે 200 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો હતો. ફિલ્મની વાર્તાથી લઈને વિલનની ભૂમિકામાં અક્ષય ખન્નાની દમદાર એક્ટિંગની ચારે તરફ જોરદાર પ્રશંસા થઈ રહી છે.

સૈકનિલ્ક અનુસાર, 'ધુરંધર'એ અત્યાર સુધી ઈન્ડિયન બોક્સ ઓફિસ પર 240.11 કરોડ રૂપિયાની શાનદાર કમાણી કરી લીધી છે. ફિલ્મે શુક્રવારે 32 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. આ ફિલ્મ 5 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને ત્યારથી તેની કમાણીમાં સતત વધારો થઈ રહ્યો છે.

ધુરંધરનું બોક્સ ઓફિસ કલેક્શન
પહેલો દિવસ - 28 કરોડ
બીજો દિવસ - 32 કરોડ
ત્રીજો દિવસ - 43 કરોડ
ચોથો દિવસ - 23.25 કરોડ
પાંચમો દિવસ - 27 કરોડ
છઠ્ઠો દિવસ - 27 કરોડ
સાતમો દિવસ - 27 કરોડ

## ચાંદી આ અઠવાડિયે 17,000 મોંઘી થઈ, 127% કિંમત વધી; ગોલ્ડે 74% રિટર્ન આપ્યું

# સોના-ચાંદીના ભાવમાં સતત ત્રીજા અઠવાડિયે તેજી

### વૈશ્વિક સપ્લાયમાં ઘટાડાથી કિંમતો વધી છે. ઉત્પાદકોની સ્પર્ધામાં – ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે

**નવી દિલ્હી, તા. 13**

સોના-ચાંદીના ભાવમાં સતત ત્રીજા અઠવાડિયે તેજી જોવા મળી. જોકે, આ અઠવાડિયે ચાંદીમાં મોટો ઉછાળો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 5 ડિસેમ્બરે એક કિલો ચાંદીની કિંમત 1,78,210 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી, જે એક અઠવાડિયામાં 16,970 રૂપિયા વધીને 1,95,180 રૂપિયા/કિલો પહોંચી ગઈ છે. આ ચાંદીની અત્યાર સુધીની સૌથી ઊંચી કિંમત છે. આ તરફ, સોનામાં પણ આ અઠવાડિયે મોટો ઉછાળો જોવા મળ્યો. IBJA અનુસાર, ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે 5 ડિસેમ્બરે 1,28,592 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતો, જે શુક્રવાર (12 ડિસેમ્બર) સુધીમાં 4,118 રૂપિયા વધીને 1,32,710 રૂપિયા પર પહોંચી ગયો છે. આ સોનાની અત્યાર સુધીની સૌથી મોંઘી કિંમત છે.

આ વર્ષે સોનું 56,548 અને ચાંદી 1,09,163 મોંઘી થઈ

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 56,548 રૂપિયા (74.25%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,32,710 રૂપિયા થઈ ગયું છે. ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,09,163 (126.91%) રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,95,180 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

જુદા જુદા શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે?

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

ગોલ્ડમાં તેજીના 3 મુખ્ય કારણો

ડોલર નબળો - અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા. ભૂ-રાજકીય - રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંક - ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ આખા વર્ષમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ચાંદીમાં તેજીના 3 મુખ્ય કારણો

ઔદ્યોગિક માગ - સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે. ટ્રમ્પનો ટેરિફનો ડર - અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક સપ્લાયમાં ઘટાડાથી કિંમતો વધી છે. ઉત્પાદકોની સ્પર્ધામાં - ઉત્પાદન અટકવાના ડરથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.




## અદાણી-ગ્રીન-એનર્જી કેસમાં પ્રણવ અદાણીને ક્લીન ચિટ:સેબીને પુરાવા ન મળ્યા

### ગૌતમ અદાણીના ભત્રીજા પર ઈનસાઈડર ટ્રેડિંગના આરોપો લાગ્યા હતા

**નવી દિલ્હી, તા. 13**

માર્કેટ રેગ્યુલેટર સેબીએ અદાણી ગ્રીન એનર્જીના 2021માં SB એનર્જીના અધિગ્રહણ ડીલ સાથે સંકળાયેલા ઈનસાઈડર ટ્રેડિંગ કેસમાં પ્રણવ અદાણી અને તેમના બે સંબંધીઓને ક્લીનચીટ આપી છે. 50 પાનાના આદેશમાં સેબીએ જણાવ્યું કે તેમની વિરુદ્ધ અનપબ્લિશ્ડ પ્રાઈસ સેન્સિટિવ ઈન્ફોર્મેશન (UPSI) શેર કરવાના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. ટ્રેડ્સ જાહેર માહિતી પછી થયા હતા અને સામાન્ય પેટર્ન સાથે મેળ ખાય છે. અલગ આદેશમાં પણ સેબીએ વિનોદ બહેટી સહિત અન્યોને પણ આરોપોમાંથી મુક્ત કર્યા છે.

આ કેસ અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) દ્વારા SB એનર્જી હોલ્ડિંગ્સને 3.5 બિલિયન ડોલર એટલે કે 31,693 કરોડ રૂપિયામાં ખરીદવાની ડીલ સાથે સંકળાયેલો હતો. ડીલની સત્તાવાર જાહેરાત 19 મે 2021ના રોજ થઈ હતી. સેબીએ જાન્યુઆરી 2021 થી ઓગસ્ટ 2021 સુધીના ટ્રેડ્સની તપાસ કરી. નવેમ્બર



2023માં ગૌતમ અદાણીના ભત્રીજા પ્રણવ અદાણી, કુણાલ શાહ અને નૃપાલ શાહને શો-કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી. કુણાલ શાહના પ્રણવના કઝિન નૃપાલ સાથે લગ્ન થયા છે. તેમના પર આરોપ હતો કે પ્રણવે ગુપ્ત માહિતી શેર કરી હતી અને સંબંધીઓએ તે આધારે 17-18 મેના રોજ શેર ખરીદ્યા હતા. જેનાથી તેમને 51 લાખ અને 40 લાખનો નફો થયો હતો.

## 5 વર્ષમાં ચેટબોટ્સથી ₹450 લાખ કરોડની શોપિંગ

### દુનિયાભરમાં શોપિંગ માટે AI ટૂલ્સનો ઉપયોગ વધી રહ્યો છે

**મુંબઈ, તા. 13**

ક્રિસમસ અને નવા વર્ષની ગિફ્ટ્સ ખરીદવા માટે મોટી સંખ્યામાં લોકોએ ખરીદીનું ઘણું કામ AI ચેટબોટ્સને સોંપી દીધું છે. ચેટબોટ્સ સાંભળે છે કે યુઝર શું ઈચ્છે છે, પ્રોડક્ટ્સની છટણી કરે છે અને તેમની સરખામણી કરવામાં મદદ કરે છે. શોપિફાયના એક સર્વે મુજબ હોલિડે સીઝનમાં ધનિક દેશોમાં બે તૃતીયાંશ ગ્રાહકો અને 18-24 વર્ષની વયના 15-20% લોકો શોપિંગ માટે AI થી મદદ લેવાનું આયોજન કરી રહ્યા છે.

2030 સુધીમાં 450 લાખ કરોડ સુધીની શોપિંગ ચેટબોટ્સ દ્વારા થશે

મેકિન્ઝીએ એક સ્ટડીમાં શોધી કાઢ્યું કે અમેરિકામાં ચેટજીપીટી જેવા ટૂલ્સનો સામાન્ય રિસર્ચ પછી બીજો સૌથી સામાન્ય ઉપયોગ શોપિંગની સલાહમાં કરવામાં આવે છે. મેકિન્ઝીનો અંદાજ છે કે 2030 સુધીમાં 270 લાખ કરોડ રૂપિયાથી 450 લાખ કરોડ રૂપિયા સુધીની શોપિંગ ચેટબોટ્સ દ્વારા થશે. ઓપન AI એ શોપિફાય અને Etsy સાથે તેમના ચેટબોટ્સ દ્વારા વ્યવસાયીઓને તેમના ઉત્પાદનો વેચવાની મંજૂરી આપવા માટે કરાર કર્યો છે. તેના બદલામાં ફી લેવામાં આવશે. ગૂગલની નજર પણ આ બજાર પર છે.

એમેઝોને ઓપન AI ના એજન્ટોને માહિતી લેવાથી બ્લોક કર્યા

અમેરિકામાં યુઝર્સ તેમના AI ટૂલ્સને દુકાનોનો સ્ટોક ચેક કરવા, કિંમત જોવા અને ખરીદી કરવા માટે કહી શકે છે. ઘણી ઈ-કોમર્સ વેબસાઈટ્સ તેમના અને તેમના ગ્રાહક વચ્ચે AI એજન્ટો હોવાથી નારાજ થઈ ગઈ છે. એમેઝોને ઓપન AIના એજન્ટ્સને માહિતી લેવાથી બ્લોક કરી દીધા છે. તે પર્પ્લેક્સિટી પર કેસ ચલાવી રહી છે. તેનો દાવો છે કે



પર્પ્લેક્સિટીનું કોમેટ બ્રાઉઝર માનવ તરીકે એમેઝોનની વેબસાઈટની આસપાસ ફરે છે.

વોલમાર્ટના પ્રોડક્ટ્સ ચેટજીપીટીથી ખરીદી શકાશે

તે જ સમયે ઓક્ટોબરમાં વોલમાર્ટે જણાવ્યું કે ટૂંક સમયમાં તેના પ્રોડક્ટ્સ ચેટજીપીટીથી સીધા ખરીદી શકાશે. મિઝુહો બેંકના વિશ્લેષકો માને છે કે વોલમાર્ટની વેબસાઈટ પર ચાર ટકા વિઝિટ અન્યના માધ્યમથી થઈ છે. AI ફેશન શોપિંગ ટૂલ ડેડ્રીમની સ્થાપક જૂલી બોર્નસ્ટીન કહે છે કે, કેટલીક વસ્તુઓની શોધ માટે અન્ય માધ્યમોની સરખામણીમાં ચેટબોટ્સ વધુ મદદરૂપ છે. તેઓ વેક્યુમ ક્લીનર જેવા સ્પષ્ટ અને તુલનાત્મક સ્પષ્ટીકરણોવાળા ઉત્પાદનોમાં વધુ સારા છે. કોસ્મેટિક્સ જેવા સ્પષ્ટીકરણો અને વ્યક્તિગત પસંદગીવાળા ઉત્પાદનોના કિસ્સામાં તેઓ ઠીક-ઠાક છે. પરંતુ ફેશન જેવા વ્યક્તિગત ક્ષેત્રમાં તેઓ મોટાભાગે ભૂલ કરે છે.

## ઈલોન મસ્કની સ્પેસએક્સનું વેલ્યુએશન 800 બિલિયન ડોલર થયું

**નવી દિલ્હી, તા. 13**

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે તેનું મૂલ્યાંકન 800 બિલિયન ડોલર નક્કી કર્યું છે. કંપનીના CFO બ્રેટ જોન્સને શેરધારકોને મોકલેલા મેમોમાં આ માહિતી આપી હતી. નવીનતમ સેકન્ડરી ઓફરિંગમાં શેરનો ભાવ પ્રતિ શેર 421 ડોલર રાખવામાં આવ્યો છે. આ પહેલા જુલાઈમાં મૂલ્યાંકન 400 બિલિયન ડોલર હતું, જ્યારે શેરનો ભાવ 212 ડોલર હતો. આ સાથે કંપનીએ 2026માં IPO લાવવાની યોજના પણ કન્ફર્મ કરી છે. સ્પેસએક્સ સ્ટારલિંક દ્વારા લો-અર્થ ઓર્બિટમાંથી ઈન્ટરનેટ સેવા પૂરી પાડી રહી છે, જે હજારો સેટેલાઈટ દ્વારા ચાલે છે અને લાખો ગ્રાહકોને સેવા આપે છે.

કંપનીનું મૂલ્યાંકન કેટલું વધ્યું, શું છે વિગતો

સ્પેસએક્સનું નવું મૂલ્યાંકન 800 બિલિયન ડોલર એટલે કે લગભગ 72.44 લાખ કરોડ રૂપિયા છે. આ જુલાઈની સરખામણીમાં બમણું થઈ ગયું છે. તે સમયે શેરનો ભાવ 212 ડોલર હતો અને મૂલ્યાંકન 400 બિલિયન ડોલર (36.22 લાખ કરોડ રૂપિયા) હતું. હવે શેરનો ભાવ 421 ડોલર પર સેટ કરવામાં આવ્યો છે.



કંપનીના CFO બ્રેટ જોન્સને શેરધારકોને મેમો મોકલીને આ જાણકારી આપી. આ સેકન્ડરી શેર સેલ છે, જેમાં કર્મચારીઓ અને હાલના રોકાણકારો તેમના શેર વેચી શકે છે. સ્પેસએક્સ વિશ્વની સૌથી મૂલ્યવાન ખાનગી કંપની બની ગઈ છે.

સ્ટારલિંકને કારણે સ્પેસએક્સની સ્થિતિ મજબૂત થઈ

સ્પેસએક્સની સફળતાનું મોટું કારણ સ્ટારલિંક છે. તે હજારો સેટેલાઈટ દ્વારા ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. તે વિશ્વના દૂરના વિસ્તારોમાં પણ હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડી રહી છે. લાખો ગ્રાહકો તેની સાથે જોડાઈ ચૂક્યા છે. સ્ટારલિંક હવે કંપનીની આવકનો મોટો હિસ્સો છે. આ ઉપરાંત, સ્પેસએક્સ રોકેટ લોન્ચમાં અગ્રણી છે અને સ્ટારશિપ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. આ બધું મળીને વેલ્યુએશન વધારવામાં મદદ કરી રહ્યું છે.

CFO એ શેરધારકોને શું જણાવ્યું

કંપનીના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર બ્રેટ જોન્સને મેમોમાં લખ્યું કે નવી સેકન્ડરી ઓફરિંગમાં શેરનો ભાવ 421 ડોલર રાખવામાં આવી રહ્યો છે. આનાથી વેલ્યુએશન 800 બિલિયન ડોલર થઈ જશે. આ માહિતી શેરહોલ્ડરોને આપવામાં આવી જેથી તેઓ તેમની હોલ્ડિંગ્સ વિશે સમજી શકે. મેમોમાં IPO ના આયોજનનો પણ ઉલ્લેખ છે, પરંતુ વિગતો હજુ મર્યાદિત છે.

2026માં IPO લાવવાનું આયોજન

સ્પેસએક્સે 2026 માં IPO લાવવાની પુષ્ટિ કરી છે. પહેલા પણ આવા સમાચાર આવતા રહ્યા છે, પરંતુ હવે કંપનીએ તેને સ્પષ્ટ કર્યું છે. IPO થી કંપનીને મોટો ભંડોળ મળશે, જે સ્ટારશિપ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં લાગશે. પહેલા ઈલોન મસ્કે કહ્યું હતું કે સ્ટારલિંકની આવક સ્થિર થયા પછી IPO લાવવામાં આવશે.

# શું એવિએશન માર્કેટમાં મોનોપોલીથી ઇન્ડિગો સંકટ આવ્યું?

### એરપોર્ટ, ટેલિકોમ અને રિફાઈનિંગ સેક્ટરમાં પણ આવી જ સ્થિતિ, નિષ્ણાતોએ કહ્યું- આ અર્થતંત્ર માટે ખતરો છે

**નવી દિલ્હી, તા. 13**

ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોનું વ્યસ્ત અને જટિલ ફ્લાઈટ શેડ્યૂલ નવેમ્બરમાં ત્યારે ખોરવાઈ ગયું, જ્યારે પાઈલટ અને ક્રૂ મેમ્બર્સને વધુ આરામ આપતો નવો નિયમ લાગુ પડ્યો. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં એરલાઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ. એક જ દિવસમાં 1,000થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી. જેના કારણે 10 લાખથી વધુ બુકિંગ્સ પ્રભાવિત થયા. લોકો પરેશાન થયા અને પરિસ્થિતિ વણસી, ત્યારે સરકારે એરલાઈનની કાર્યપ્રણાલીની તપાસનો આદેશ આપ્યો. મોટો સવાલ એ છે કે માત્ર એક કંપનીની ગડબડથી દુનિયાનો ત્રીજો સૌથી મોટો એવિએશન સેક્ટર કેવી રીતે ઠપ્પ થઈ શકે છે? આનો જવાબ માર્કેટમાં ઓછી સ્પર્ધાના અસ્તિત્વમાં છુપાયેલો છે. હકીકતમાં, 2007માં શરૂ થયેલી ઈન્ડિગોની જબરદસ્ત સફળતાએ તેને ભારતીય ડોમેસ્ટિક એવિએશન માર્કેટનો 64%થી વધુ હિસ્સો આપ્યો. જ્યારે એર ઈન્ડિયા પાસે 25% હિસ્સેદારી છે. તસવીર 7 નવેમ્બરની છે. મોટી સંખ્યામાં ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડી. સિગ્નલની ખામીને કારણભૂત ગણાવવામાં આવી. આ દરમિયાન હજારો મુસાફરો પરેશાન જોવા મળ્યા. તસવીર 7 નવેમ્બરની છે. મોટી સંખ્યામાં ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડી. સિગ્નલની ખામીને કારણભૂત ગણાવવામાં આવી. આ દરમિયાન હજારો મુસાફરો પરેશાન જોવા મળ્યા.

લોકો પરેશાન થયા તો સરકારે નિયમ પાછો ખેંચ્યો

દેશભરમાં મુસાફરો પરેશાન થતા રહ્યા. ત્યારબાદ ઈન્ડિગોના મેનેજમેન્ટે માફી માગી અને કહ્યું કે ખરાબ હવામાન અને સોફ્ટવેર અપડેટ જેવા અનેક કારણોસર ફ્લાઈટ્સમાં મુશ્કેલી આવી. એવિએશન માર્કેટના સૌથી મોટા હિસ્સા પર કબજો જમાવેલી ઈન્ડિગોની ખામીને કારણે દેશભરના એરપોર્ટ પ્રભાવિત થયા અને સરકારને પોતાનો નવો સુરક્ષા નિયમ અસ્થાયી રૂપે પાછો ખેંચવો પડ્યો. તસવીર રાયપુર એરપોર્ટ પર 4 ડિસેમ્બરની છે. ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડવા અને છેવટે રદ કરી દેવાયા બાદ મુસાફરો નારાજ હતા, ઘણા લોકો એરપોર્ટ પર જ ફસાયેલા રહ્યા. તસવીર રાયપુર એરપોર્ટ પર 4 ડિસેમ્બરની છે. ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડવા અને છેવટે રદ કરી દેવાયા બાદ મુસાફરો નારાજ હતા, ઘણા લોકો એરપોર્ટ પર જ ફસાયેલા રહ્યા. ઈન્ડિગો શેર 15% ઘટ્યો, સરકારે કહ્યું- કાર્યવાહી કરીશું

ઈન્ડિગોની આ ગડબડ પર શેરબજારમાં તેને સજા મળી અને તેનો શેર લગભગ 15% ઘટ્યો. માર્કેટ વેલ્યુ પણ 4.8 અબજ ડોલર (43 હજાર કરોડ રૂપિયા) ઓછી થઈ ગઈ. આ પછી સરકારે કડકાઈ બતાવી. નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ સંસદમાં કહ્યું કે કોઈ પણ એરલાઈન ગમે તેટલી મોટી હોય, ખોટી યોજનાઓથી મુસાફરોને આટલા પરેશાન કરી શકે નહીં. નાયડુએ કહ્યું કે આ મામલે 'કડક કાર્યવાહી' કરવામાં આવશે જેથી દરેક એરલાઈન માટે એક દાખલો બેસે. ભારતમાં હવાઈ મુસાફરીની માગ ઝડપથી વધી રહી છે, તેથી અમને 5 મોટી એરલાઈન્સની જરૂર છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ 5 ડિસેમ્બરે દિલ્હી એરપોર્ટ પર ATC મેસેજિંગ સિસ્ટમમાં આવેલી ટેકનિકલ ખામી બાદ ઓપરેશનની સમીક્ષા કરી. તેઓ ATC ટાવર પણ ગયા. નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ 5 ડિસેમ્બરે દિલ્હી એરપોર્ટ પર ATC મેસેજિંગ સિસ્ટમમાં આવેલી ટેકનિકલ ખામી બાદ ઓપરેશનની સમીક્ષા કરી. તેઓ ATC ટાવર પણ ગયા.

એરપોર્ટ અને ઈંધણ રિફાઈનિંગ પર 2 કંપનીઓનો કબજો

ઈન્ડિગોનો ખરાબ સપ્તાહ ભારતની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા માટે એક મોટી સમસ્યાને ઉજાગર કરે છે. અહીં સૌથી મોટી કંપનીઓ નાની કંપનીઓને બહાર કરી રહી છે. હવાઈ ક્ષેત્રમાં આટલી ઓછી સ્પર્ધા અને અમુક જ કંપનીઓના હાથમાં આટલું વધારે નિયંત્રણ હવે ભારતમાં સામાન્ય બની ગયું છે. ભારતના સૌથી ફાયદાકારક એરપોર્ટ બે કંપનીઓ ચલાવે છે અને દેશના 40% ઈંધણનું રિફાઈનિંગ પણ બે કંપનીઓ કરે છે.



## દુષ્કર્મ કેસમાં આરોપીને 10 વર્ષની સખ્ત કેદ : રૂ. 50,000 દંડ

**નવી દિલ્હી, તા. 13**

પાટણની સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપી બિજલસિંહ હેમાજી રાઠોડને 10 વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને કુલ રૂ. 55,000નો દંડ પણ કર્યો છે. આ ઉપરાંત, પીડિતાને રૂ. 4 લાખનું વળતર ચૂકવવા માટે પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભલામણ કરવામાં આવી છે. સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ બી.કે. બારોટે 26 પાનાના ચુકાદામાં પોક્સો એક્ટની કલમ 3(એ)4,7,8 હેઠળ 10 વર્ષની સખ્ત કેદ અને રૂ. 50,000નો દંડ, તેમજ દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદનો આદેશ આપ્યો હતો. ભારતીય દંડ સંહિતાની કલમ 363/366 હેઠળ ત્રણ વર્ષની સખ્ત કેદ અને રૂ. 5,000નો દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની સજા પણ ફટકારવામાં આવી છે. આ કેસની વિગતો મુજબ, પાટણના દક્ષિણ વિસ્તારમાં રહેતા એક વેપારીની 17 વર્ષીય પુત્રી 16 ઓક્ટોબર, 2020ના રોજ સિવણ શીખવા જવાનું કહીને ઘરેથી નીકળી હતી,

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TR/ADI/27(2025-26) તારીખઃ 12.12.2025

ડાયરેક્ટ કનેક્ટિવિટીના ઈલેક્ટ્રિફિકેશન અને સ્ટીલ ગર્ડરના બદલીકરણના સંબંધમાં OHE મોડિફીકેશન

ટેન્ડર નં. TRD-ADI-T-12R-2025-26

**કામનું નામઃ** SBI-B લાઈન નં. ૯ થી ICD સુધી ડાયરેક્ટ કનેક્ટિવિટીના ઈલેક્ટ્રિફિકેશન અને એન્જિનિયરીંગ દ્વારા હાલના સ્ટીલ ગર્ડરને PSC U ટાઈપ સ્લેબથી બદલીકરણના સંબંધમાં OHE મોડિફિકેશન કરવાનું કામ.

**અંદાજીત પડતરઃ** ₹ ૯૩,૭૭,૧૨૩.૫૦/- **અર્નેસ્ટ મની:** ₹ ૧,૮૭,૬૦૦/-

**ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૦૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૦૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે.

**ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫.

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-229

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

જૂના સ્ટીલ રિવેટેડ ગર્ડર્સનું નવા કોમ્પોઝીટ ગર્ડર્સ દ્વારા રિગર્ડરીંગ અને જેકેટીંગ દ્વારા જૂના સબ-સ્ટ્રક્ચરનું મજબૂતીકરણ

ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૫ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ : ૧૨.૧૨.૨૦૨૫
ઈ-ટેન્ડર નં. ડીવાયસીઈ-બીઆર-એડીઆઈ-૧૩-૨૦૨૫-૨૬

**કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન :- સિનિ. સેક્શન એન્જિનિયર (બ્રિજ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગેરતપુર-અમદાવાદ સ્ટેશન વચ્ચે બ્રિજ નં. ૭૧૧ UP અને DN ના વર્તમાન જૂના સ્ટીલ રિવેટેડ ગર્ડર્સનું નવા કોમ્પોઝીટ ગર્ડર્સ દ્વારા રિગર્ડરીંગ અને જેકેટીંગ દ્વારા જૂના સબ-સ્ટ્રક્ચરનું મજબૂતીકરણ કરવાનું કામ.

**NITની અંદાજીત પડતરઃ** ₹ ૬,૩૩,૦૯,૯૭૬.૨૨

**બીડ સિક્યુરીટી પડતર/ઈએમડીઃ** ₹ ૪,૬૬,૬૦૦.૦૦

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** તા.૧૩-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે.

**ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફીસ સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૬.

**ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-230

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

વિવિધ એન્જીનિયરીંગ કામ

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૩૧-૨૦૨૫-૨૬ | ભાવનગર વર્કશોપની ફાઈનલ ઈન્સપેક્શન શોપ પીટ લાઈનનું ઝીરો લેવલિંગ કરવાનું કામ. | ૮૯,૮૧,૬૬૧.૦૬ | ૧,૭૯,૬૦૦.૦૦ |
| ૦૨ | ૨૩૨-૨૦૨૫-૨૬ | કાનાલૂસ - પોરબંદર સેક્શન :- CRO નિવારણ માટે ૯૪૯/૦ થી ૯૫૨/૦ (૬૦૦૦ RM) સુધી W-Beam ફેન્સીંગની જોગવાઈ કરવાનું કામ. | ૨,૩૯,૬૦,૩૫૬.૫૬ | ૨,૬૯,૮૦૦.૦૦ |
| ૦૩ | ૨૩૩-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન : DEN-W ભાવનગર પરાના અધિકારક્ષેત્રમાં વિવિધ LC (૨૯ નંગ LC) ખાતે ફેન્સીંગની જોગવાઈ કરવાનું કામ. | ૧,૬૬,૮૯,૭૪૮.૪૬ | ૨,૩૩,૫૦૦.૦૦ |
| ૦૪ | ૨૩૪-૨૦૨૫-૨૬ | ગ્રુપ કામ :- (૧) વેરાવળ - બદલીકરણ ખાતે ટાઈપ-II ક્વાર્ટર્સના ૧૮ યુનિટની જોગવાઈ. (૨) વેરાવળ - બદલીકરણ ખાતે ટાઈપ-II ક્વાર્ટર્સના ૧૦ યુનિટની જોગવાઈ. | ૭,૪૨,૫૦,૮૦૨.૦૬ | ૫,૨૧,૩૦૦.૦૦ |
| ૦૫ | ૨૩૫-૨૦૨૫-૨૬ | જૂનાગઢ :- જૂનાગઢ ખાતે કોલોનીઝ અને સ્ટેશનની આસપાસ અતિક્રમણના નિવારણ માટે (કુલ ૧.૮૮૧ કિ.મી.) બાઉન્ડરી દિવાલનું બાંધકામ કરવાનું કામ. | ૨,૭૬,૦૧,૮૦૨.૭૬ | ૨,૮૮,૦૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૨૨-૧૨-૨૦૨૫ **અને બિડિંગ બંધ થવાની તારીખઃ** ૦૫-૦૧-૨૦૨૬

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in BVP-221

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### શેરબજારમાં રોકાણના નામે ઠગાઈ

# સાયબર ગઠિયાઓએ 65 વર્ષના વૃદ્ધને એપ ડાઉનલોડ કરાવી રોકાણના નામે 31.50 લાખ પડાવ્યા

- **ફરિયાદીએ 32 લાખનું ટ્રાન્જેક્શન કરીને શેર-IPOમાં રોકાણ કર્યું**
- **આરોપીએ નફો મેળવવા એક એપ ડાઉનલોડ કરવા જણાવ્યું**

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં સાયબર ફ્રોડનો વધુ કિસ્સો સામે આવ્યો છે. વૃદ્ધને ઊંચા વળતરની લાલચ આપીને સાયબર ગઠિયાઓએ ઓનલાઈન ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી લખો રૂપિયા પડાવ્યા હતા. સાયબર ગઠિયાઓએ બનાવટી એપ મારફતે રૂપિયા 31.72 લાખનું રોકાણ કરાવીને બાદમાં વિડ્રોઅલ રોકી દીધું હતું. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

વસ્ત્રાપુરમાં રહેતા 65 વર્ષીય શ્રીપ્રકાશ ગુપ્તા નિવૃત છે. તેમણે પોતાના મોબાઈલ ફોનમાં ગુગલ બ્રાઉઝર પર અલગ અલગ ટ્રેડિંગ વેબસાઈટમાં જઈને ઇન્વેસ્ટમેન્ટ ડેમો લેક્ચર માટે અરજી કરી અને પોતાની વિગતો આપી હતી. આ અરજી બાદ, તેમના વ્હોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી 10x Stock Profit નામનું ટ્રેડિંગ ગ્રૂપ આવ્યું, જેના એડમિન 'અનુ શર્મા' હતા. અનુ શર્માએ ગ્રૂપમાં શેરબજારની ટિપ્સ આપવાનું શરૂ કર્યું અને સભ્યોને verger-CLL નામની એપ્લિકેશન ડાઉનલોડ કરવા જણાવ્યું હતું.

શ્રીપ્રકાશ ભાઈએ આ એપ ડાઉનલોડ કરીને તેમાં પોતાનું લોગીન આઈ.ડી. જનરેટ કર્યું હતું. ત્યારબાદ, અનુ શર્માએ તેમને Victory 1 નામના અન્ય ગ્રૂપમાં ઉમેરીને ઊંચા વળતરની લાલચ આપી. આ ઉપરાંત, વર્જર-એન્જી જોન્સ નામની અજાણી મહિલાએ પર્સનલ મેસેજ કરીને શેર ખરીદવા માટે જુદા જુદા બેંક એકાઉન્ટની વિગતો મોકલવાનું શરૂ કર્યું હતું. તારીખ 18 ઓગસ્ટ, 2025થી તારીખ 29 ઓગસ્ટ, 2025 સુધીમાં ફરિયાદીએ તેમના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા 32 લાખનું ટ્રાન્જેક્શન કરીને શેર તથા IPOમાં રોકાણ કર્યું હતું.




**આરોપીએ નફો મેળવવા એક એપ ડાઉનલોડ કરવા જણાવ્યું**

વસ્ત્રાપુરમાં રહેતા 65 વર્ષીય શ્રીપ્રકાશ ગુપ્તા નિવૃત છે. તેમણે પોતાના મોબાઈલ ફોનમાં ગુગલ બ્રાઉઝર પર અલગ અલગ ટ્રેડિંગ વેબસાઈટમાં જઈને ઇન્વેસ્ટમેન્ટ ડેમો લેક્ચર માટે અરજી કરી અને પોતાની વિગતો આપી હતી.

**ફરિયાદીએ 32 લાખનું ટ્રાન્જેક્શન કરીને શેર-IPOમાં રોકાણ કર્યું**

શ્રીપ્રકાશ ભાઈએ આ એપ ડાઉનલોડ કરીને તેમાં પોતાનું લોગીન આઈ.ડી. જનરેટ કર્યું હતું. ત્યારબાદ, અનુ શર્માએ તેમને Victory 1 નામના અન્ય ગ્રૂપમાં ઉમેરીને ઊંચા વળતરની લાલચ આપી. આ ઉપરાંત, વર્જર-એન્જી જોન્સ નામની અજાણી મહિલાએ પર્સનલ મેસેજ કરીને શેર ખરીદવા માટે જુદા જુદા બેંક એકાઉન્ટની વિગતો મોકલવાનું શરૂ કર્યું

**નાણા વિડ્રો કરવા 56 લાખની માગ કરતા ફ્રોડ થયાનુ માલુમ પડ્યું** જ્યારે એપ્લિકેશનમાં તેમનું રોકાણ અને નફા સહિતનું બેલેન્સ 70 લાખ જેટલું દર્શાવતું હતું અને તેમણે મોટી રકમ વિડ્રો કરવાની રિક્વેસ્ટ કરી, ત્યારે નાણાં ટ્રાન્સફર થયા નહોતા.

# 9.8 ડિગ્રી સાથે નલિયા ગુજરાતનું સૌથી ઠંડુ શહેર

## 1 ડિગ્રી લઘુત્તમ તાપમાન વધ્યું; અઠવાડિયાના અંતમાં હજુ વધશે, પરંતુ વાદળછાયા વાતાવરણને કારણે ઠંડી અનુભવાશે

**અમદાવાદ, તા.13**



રાજ્યમાં અત્યારે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે.દાસના જણાવ્યા અનુસાર આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે. પવનની દિશા બદલાઈને પૂર્વ તરફના પવન ફૂંકાશે. આગામી 5 દિવસ તાપમાન યથાવત રહેશે. 5 દિવસ બાદ 2થી 3 ડિગ્રી તાપમાન વધી જશે. એટલે કે લઘુત્તમ તાપમાનમાં વધારો થશે જેથી ઠંડી ઘટશે, પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાદળછાયુ વાતાવરણ રહે જેના કારણે ઠંડી અનુભવાશે. અમદાવાદમાં તાપમાનનો પારો 14 ડિગ્રીએ પહોંચ્યો, તાપમાનની વાત કરીએ તો, નલિયામાં સૌથી વધુ ઠંડી સાથે 9.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે અગાઉ 8.8 ડિગ્રી સેલ્સિયસ હતું, જેમાં 1 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈને સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. જ્યારે અમદાવાદમાં 1 ડિગ્રી સેલ્સિયસના વધારા સાથે 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અન્ય શહેરોમાં કેટલું તાપમાન નોંધાયું, વડોદરામાં 12.2 ડિગ્રી, ભાવનગરમાં 14.8 ડિગ્રી, ભુજમાં 14.4 ડિગ્રી, દમણમાં 15 ડિગ્રી, ડીસામાં 13.3 ડિગ્રી, દીવમાં 13.3 ડિગ્રી, દ્વારકામાં 17.6 ડિગ્રી, કંડલામાં 15.3 ડિગ્રી, નલિયામાં 9.8 ડિગ્રી, ઓખામાં 21.6 ડિગ્રી, પોરબંદરમાં 13.4 ડિગ્રી, રાજકોટમાં 12.8 ડિગ્રી, સુરતમાં 13.8 ડિગ્રી, અને વેરાવળમાં 17.3 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ઠંડીના ચમકારા વાળી રાત્રિ આ સપ્તાહના અંત સુધી રહેશે, નિવૃત હવામાન વૈજ્ઞાનિક એ. ટી. દેસાઈના જણાવ્યા અનુસાર, મધ્યમ માર્ગ એટલે કે (પંજાબ, રાજસ્થાન, એમ.પી., બિહાર, બંગાળ.....) પરથી પસાર થનાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મોટેભાગે વાદળછાયું વાતાવરણ ઉત્તરનાં રાજ્યોમાં બનાવશે તેવી સંભાવનાઓ છે, જેના કારણે હુંફાળા દિવસો તથા સામાન્ય ગુલાબી ઠંડીના ચમકારા વાળી રાત્રિ આ સપ્તાહના અંત સુધી રહેશે. ઠંડીના ચમકારા વાળી રાત્રિ આ સપ્તાહના અંત સુધી રહેશે, નિવૃત હવામાન વૈજ્ઞાનિક એ.ટી. દેસાઈના જણાવ્યા અનુસાર, મધ્યમ માર્ગ એટલે કે (પંજાબ, રાજસ્થાન, એમ.પી., બિહાર, બંગાળ.....) પરથી પસાર થનાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મોટેભાગે વાદળછાયું વાતાવરણ ઉત્તરનાં રાજ્યોમાં બનાવશે તેવી સંભાવનાઓ છે, જેના કારણે હુંફાળા દિવસો તથા સામાન્ય ગુલાબી ઠંડીના ચમકારા વાળી રાત્રિ આ સપ્તાહના અંત સુધી રહેશે.

# મંદિરે જતા આધેડને બાઈકે ટક્કર મારતા મોત

**અમદાવાદમાં ; નંબરપ્લેટથી તરત મેમો આપતી પોલીસ આરોપીને પકડી ન શકી: પુત્ર**

**અમદાવાદ, તા.13**

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. અકસ્માતમાં મંદિર જતા વૃદ્ધને અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારી હતી. ટક્કર વાગતાની સાથે જ વૃદ્ધ રોડ પર ઢળી પડ્યાં હતાં. જે બાદ તેઓને સારવારમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં ગંભીર ઈજાના કારણે તેઓનું મોત નીપજ્યુ હતું. આ અકસ્માત અંગે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાની વિગત એવી છે કે, માધુપુરામાં રહેતા 55 વર્ષીય અશોકભાઈ ઠાકોર રોજ સવારે દરિયાપુર આવેલા માતાજીના મંદિરે દર્શન કરવા જાય છે. અશોકભાઈ રાબેતા મુજબ 6 ડિસેમ્બરની વહેલી સવારે 4:45 વાગ્યે મંદિર જઈ રહ્યા હતા. દરિયાપુર દરવાજા સર્કલ પાસેથી રોજ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે વાહનોની અવરજવર હોવાથી અશોકભાઈ 30 સેકન્ડ સુધી સાઈડમાં ઊભા રહી બાદમાં રોડ ક્રોસ કરવા જતાં પ્રેમદરવાજા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા બાઈકચાલકે તેઓને ટક્કર મારી હતી. બાઈકની જોરદાર ટક્કરથી અશોકભાઈ રોડ પર પટકાયા હતા અને બાઈકચાલક સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સવારનો સમય હોવાથી શરૂઆતના સમયમાં કોઈને જાણ પણ નહોતી, જે બાદ આસપાસના લોકો ભેગા થયા હતા. અશોકભાઈને મોઢા અને માથાના ભાગે ઈજા થતા બેભાન થઈ ગયા હતા. અશોકભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# ચાંદખેડામાં પેલેડિયમ બિઝનેસ હબના બીજા માળે આગ

**અમદાવાદ, તા.13**



અમદાવાદના વિસત ગાંધીનગર હાઈ-વે પર 4D મોલની સામે આવેલા પેલેડિયમ બિઝનેસ હબના બીજા માળે આગ લાગવાની ઘટના બની છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની છ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બીજા માળે આવેલા સ્પા સેન્ટરમાં આગ લાગવાની ઘટનાને પગલે લોકોને કોમ્પલેક્ષમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં. ધૂમાડાના ગોટેગોટાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ફાયર વિભાગે ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી આગ લાગવા પાછળનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે. ફાયર અધિકારીએ જણાવ્યું છે કે, પેલેડિયમ બિઝનેસ હબમાં બીજા માળે આવેલા મલબેરી થાઈ સ્પા નામના સ્પા સેન્ટરમાં આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં 6થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ફાયરના ઉચ્ચ અધિકારીઓ અને જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી હતી. આગ લાગતા ધુમાડો આખા બિઝનેશ હબમાં ફેલાઈ ગયો હતો, જેના કારણે આખું કોમ્પ્લેક્સ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. ઘટનાની જાણ થતાં 6થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. ઘટનાની જાણ થતાં 6થી વધુ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ફાયરના ઉચ્ચ અધિકારીઓ અને જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લેવામાં આવી હતી. આગ લાગતા ધુમાડો આખા બિઝનેશ હબમાં ફેલાઈ ગયો હતો, જેના કારણે આખું કોમ્પ્લેક્સ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણવા મળ્યું નથી.

# અમદાવાદની હોલીડેઝ કંપનીએ સર્ટિફિકેટ વગર જ વર્ક પરમીટની જાહેરાત કરી

**અમદાવાદ, તા.13**

અમદાવાદની કે. સી. હોલીડેઝ નામની કંપની દ્વારા વિદેશમાં રોજગાર માટેની જાહેરાતો કરવામાં આવી હતી. દુબઈ વર્ક પરમિટ પર દર મહિને એક લાખ કમાવવાની તક હોવાનું કહી રિક્રુટમેન્ટ ઓફર કરવામાં આવી હતી. આ પ્રકારની જાહેરાત જોયા બાદ કે. સી. હોલીડેઝ દ્વારા માન્ય સર્ટીફીકેટ મેળવેલ છે કે નહીં ? તેની અમરાઈવાડી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કે. સી. હોલીડે એજન્સીના માલિક દ્વારા વિદેશમાં રિક્રુટમેન્ટ માટેનું કોઈપણ માન્ય સર્ટિફિકેટ ન મેળવી હોવાનો સામે આવ્યું હતું. જેથી પોલીસે કે. સી. હોલીડેઝ નામની કંપનીના માલિક કિરણ ચંદ્રકાંત અને રાઠોડ વિનોદ ત્રિબોવનભાઈ સામે ઈમીગ્રેશન એક્ટ મુજબ ફરિયાદ નોંધી છે. દુબઈ વર્ક પરમીટ પર દર મહિને એક લાખ રૂપિયા કમાવવાની તક હોવાનું કહી રિક્રુટમેન્ટ ઓફર 31 જૂનના કરવામાં આવી હતી. કે.સી. હોલીડેઝના મોબાઈલ નંબર આપી જાહેરાત પ્રસિદ્ધ થઈ હતી. પરંતુ ઈમિગ્રેશન એક્ટ 1983ની કલમ મુજબ કોઈપણ રિક્રુટિંગ એજન્સી એ વિદેશમાં રોજગાર માટે રિક્રુટ કરવા માટે પ્રોટેક્ટર જનરલ ઓફ ઈમિગ્રન્ટ્સ MEA નવી દિલ્હી તરફથી ઓથોરાઈઝડ રિક્રુટિંગ એજન્ટ તરીકેનું માન્ય સર્ટીફીકેટ મેળવવું જરૂરી હોય છે. જેથી આ જાહેરાત કરનાર કે.સી. હોલીડેઝ દ્વારા માન્ય સર્ટીફીકેટ મળ્યું છે કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. અમરાઈવાડી પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરવામાં આવતા કે.સી. હોલીડેઝ દાબડી એજન્સીના માલિક દ્વારા વિદેશમાં રિક્રુટમેન્ટ માટેનો કોઈપણ માન્ય સર્ટિફિકેટ મેળવ્યું ન હોવાનું સામે આવ્યું હતું. તેમજ વધુ તપાસ કરતા કે.સી. હોલીડેઝ દાબડી એજન્સી એક ભાગીદારી પેઢી હોવાનું પણ સામે આવ્યું હતું.

# અમદાવાદ એરપોર્ટ પર આજે બે ફ્લાઈટ કેન્સલ

**અમદાવાદ, તા.13**

છેલ્લા ઘણા દિવસોથી ઈન્ડિગો એરલાઈનના કારણે ઘણા બધા લોકોને મુશ્કેલી વેઠવી પડી હતી. જોકે હવે ધીમે ધીમે ઈન્ડિગો એરલાઈન હવે ફરી સમયસર કામગીરી શરૂ કરી લીધી છે. પરંતુ આજે પણ ઈન્ડિગોની ગાઝિયાબાદથી અમદાવાદ આવતી ફ્લાઈટ નંબર 2568ને કેન્સલ કરવામાં આવી છે. ઈન્ડિગોની આજે આ એક ફ્લાઈટને કેન્સલ કરવામાં આવી છે. જ્યારે આજે કેટલાક દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાં ખરાબ હવામાનને કારણે વિસિબિલિટી ઓછી થઈ જવાથી કેટલીક ફ્લાઈટ કેન્સલ અથવા ડીલે થઈ હતી. આજે એટલે કે 13 ડિસેમ્બરના રોજ ખરાબ હવામાનને કારણે વારાણસી (VNS), બેંગલુરુ (BLR), અયોધ્યા (AYJ), ગોરખપુર (GOP), અમૃતસર (ATQ), ધારબંગા (DBR) માં વિઝિબિલિટીને કારણે, બધી પ્રસ્થાનો ડિપાર્ચર અને અરાઈવલ ફ્લાઈટ પર અસર થઈ રહી છે. જેથી મુસાફરોને પોતાની ફ્લાઈટના સ્ટેટ્સ ચેક કરીને જ એરપોર્ટ પર આવવું.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

